RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 261, Dt.23-12-2023 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગિફ્ટ સિટીમાં દારૂની છૂટનો ભારે વિરોધ

## ગુજરાતમાં પાછલા બારણેથી દારૂબંધી દૂર કરવાનો નિર્ણય ઘાતક અને દુઃખદ, ગિફ્ટ સિટીમાં જે શહેરનું નામ મહાત્મા ગાંધી સાથે જોડાયેલું છે ત્યાં દારૂની છૂટ આપવી કેટલી વ્યાજબીઃ ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહીલ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતની વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ પહેલાં રાજ્ય સરકારે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં દારૂ પીવાની મંજૂરી આપવાનો નિર્ણય લેતા ભારે ચક્ચાર મચી જવા પામી હતી. ગુજરાતની સ્થાપનાના સમયથી દારૂબંધીનો અમલ ચાલી રહ્યો છે ત્યારે રાજ્ય સરકારે હવે ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં દારૂ પીવાની રાજ્ય સરકારે છૂટ આપવાનો નિર્ણય કર્યો છે. ઈન્ટરનેશનલ ટ્રેડ અને ફાઈનાન્સના હબ ગિફ્ટ સિટીમાં વૈશ્વિક કંપનીઓને ગ્લોબલ બિઝનેસ ઈકોસિસ્ટમ આપવાના હેતુથી પડાઈન વિથ વાઈનથની છૂટ અપાઈ છે. જોકે, લોકો અહીં ચોક્કસ નિયમો હેઠળ હોટેલ, રેસ્ટોરાં અને ક્લબોમાં દારૂનું સેવન કરી શકાશે. જોકે, હોટેલ, રેસ્ટોરાં અને ક્લબોને દારૂની બોટલોનું વેચાણ કરી શકશે નહીં. ત્યારે રાજ્ય સરકારના આ નિર્ણયનો વિપક્ષ દ્વારા ખુબ વિરોધ કરવામાં આવી રહ્યો છે.





ગિફ્ટ સિટીમાં દારૂબંધી હટાવવાના નિર્ણય અંગે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ગુજરાતમાં પાછલા બારણે દારૂબંધી દૂર કરવાનો નિર્ણય ઘાતક અને દુઃખદ છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી હું વ્યથિત છું. દારુબંધીના કારણે જ ગુજરાતનો વિકાસ થઈ રહ્યો છે. દારૂબંધીના કારણે રાત્રે બે-ત્રણ વાગ્યે દીકરી એકલી ઘરે જઈ શકે છે. બહારથી ઉદ્યોગપતિઓ આવીને ઉદ્યોગ નાખે છે. કામદાર અવળા રસ્તે નહીં જાય અને આઉટપુટ સારું મળશે તેવા હેતુથી ઉદ્યોગપતિઓ ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપે છે. કોંગ્રેસ સરકારમાં સૌથી વધારે સાચું મૂડી રોકાણ આવ્યું તો ગુજરાત હતું. ૧૯૯૨નો સમય ક્યારેય ન ભૂલી શકાય છે. એશિયાની સૌથી બે કંપનીઓ જામનગરમાં આવી. આખો ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર બન્યો.

વધુમાં શક્તિસિંહે કહ્યું કે, ગિફ્ટ સિટીમાં જે શહેરનું નામ મહાત્મા ગાંધી સાથે જોડાયેલું છે ત્યાં દારૂની છૂટ, ત્યાં રેસિડેન્સિયલ એરિયા પણ છે. કોઈ દારૂ પીને પકડાશે અને કહેશે કેહું તો ગિફ્ટ સિટીમાંથી આવું છે એટલે છૂટ. રાજ્યમાં પોલીસ દ્વારા ચાલતી હપ્તા પદ્ધતિ બંધ થવી જોઈએ. રાજ્યના યુવાનોની બુદ્ધિમતતા અને કૌશલ્યના કારણે તેઓ ઈંગ્લેન્ડ, આફ્રિકા અને અમેરિકા જેવા દેશોમાં ત્યાંના યુવાનો કરતા સારું પરફોર્મન્સ કરી રહ્યા છે.

# લોકસભાની નબળી બેઠકો માટે ભાજપ ઉમેદવારો વહેલા જાહેર કરશે

## દિલ્હીમાં ભાજપના રાષ્ટ્રીય પદાધિકારીઓની બે દિવસની બેઠકઃ મોદીની હાજરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાંચ રાજયોની ધારાસભા ચુંટણીઓમાં હિન્દી બેલ્ટના ત્રણ મહત્વના રાજયો મધ્યપ્રદેશ, છતીસગઢ અને રાજસ્થાનમાં ભવ્ય વિજય તથા સંસદના શિયાળુ સત્રમાં જૂના ફોજદારી કાનૂનના સ્થાને નવા ભારતીય ન્યાય સંહિતા સહિતના કાનુની તથા મુખ્ય ચૂંટણી કમિશ્નરની નિયુક્તિ અંગે આવશ્યક ફેરફારોથી સંસદીય કામગીરી પણ પક્ષના એજન્ડા મુજબ સંપન્ન કર્યા બાદ હવે આગામી વર્ષમાં યોજાનારી લોકસભા ચૂંટણી માટે ભાજપે સંગઠનનું બ્યુગલ ફુકી દીધુ છે અને દિલ્હીમાં ભાજપના કેન્દ્રીય પદાધિકારીઓની બે દિવસની બેઠકમાં આ ચુંટણી માટેના ઉમેદવાર પસંદગી માટેની પ્રક્રિયા સહિત પર વિચારણા થશે.




પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાના અધ્યક્ષપદ હેઠળની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગૃહમંત્રી અમીત શાહ સહિતના રાષ્ટ્રીય પદાધિકારીઓ બે દિવસ આ બેઠકમાં હાજરી રહ્યા છે અને તા.૨૨ જાન્યુઆરીના અયોધ્યામાં જે ભગવાન શ્રી રામના નવા ભવ્ય મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને તે દેશભરમાં અનેકવિધ રીતે બનાવવાનું જે આયોજન થયું છે તેનાથી ભાજપને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મોટો ફાયદો કરાવશે. બાદમાં આગામી માસમાં ભાજપની રાષ્ટ્રીય કારોબારી પણ મળશે. ભાજપે હાલમાં જે રીતે ત્રણ રાજયોમાં ભવ્ય જીત મેળવી તેમાં નબળી બેઠકોને પહેલા મજબૂત કરવાનો વ્યુહ સફળ રહ્યો હોવાનું સાબીત થયું છે અને તેથી લોકસભામાં એ જ સ્ટ્રેટેજી અપનાવે તેવી શકયતા છે. સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ તેના આ નબળી બેઠકને પારખી તેના ઉમેદવાર આગામી ૩૦-૪૦ દિવસમાં જ જાહેર કરી તેઓને પુરતો સમય મળી રહે તે નિશ્ચીત કરશે.

ભાજપે આ પ્રકારની ૧૬૦ બેઠકો ઓળખી કાઢી છે જે મજબૂત કરીને ભાજપ તેમાં વધુને વધુ બેઠકો જીતી શકાય તે જોવા માંગે છે. જો કે ખાસ કરીને બિહાર, બંગાળ તથા કર્ણાટક ઉપરાંત જે રાજયોમાં વિપક્ષના શાસન છે હવે ૨૦૧૯માં ભાજપે જીતેલી લોકસભા બેઠક હેઠળ આવતી વિધાનસભા બેઠકોમાં હવે ધારાસભા ચુંટણીમાં વિપક્ષના ઉમેદવારોએ જે રીતે સરસાઈ મેળવી છે તેનું એક વિસ્તૃત વિશ્લેષણ ભાજપે તૈયાર રાખ્યું છે અને આ બેઠક પર તેને ગત ચૂંટણીની સરસાઈ તથા હાલની સ્થિતિ ચકાસાશે અને તે બેઠકોના વર્તમાન સાંસદોની કામગીરી

અને પક્ષના પ્રભાવ વિ.ની પણ સમીક્ષા કરી આ બેઠક પક્ષના હાથમાંથી સરકી જાય નહી તે પણ નિશ્ચીત કરાશે. ભાજપે આ ઉપરાંત વિપક્ષના નેતાઓને પણ તેમની બેઠક પર ઘેરવાનો વ્યુહ નિશ્ચીત કર્યો છે. રાહુલ ગાંધીને અમેઠીમાં પરાજીત કરીને તેમને દક્ષિણનો રાહ પકડવા મજબૂર કર્યા તે રીતે સોનિયા ગાંધી જે રાયબરેલીમાંથી ચુંટાય છે તેઓ જો ચૂંટણી ન લડે તો પ્રિયંકા ગાંધી તે બેઠક લડી શકે છે. આ જ રીતે ડિમ્પલ યાદવ મૈનપુરી બેઠક, પવાર ફેમીલીની બારામતી સહિતની બેઠકો પર ભાજપે તેઓને પરાજીત કરીને લોકસભામાં પહોંચે જ નહી તે પણ નિશ્ચીત કરવા નિર્ણય લીધો છે.

# મોરબી સહિત રાજ્યના ત્રણ એરપોર્ટ માટે જમીનની ફાળવણી

## ગુજરાતમાં નવા ૧૧ એરપોર્ટ પ્રોજેકટ માટેની પ્રક્રિયા ઝડપી બનાવાઈ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં ૧૧ નવા એરપોર્ટ સ્થાપવા એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સાથે કરાર કરાયા બાદ સમગ્ર પ્રોજેકટને હવાઈ ગતિ મળવા લાગી હોય તેમ પાંચ માટે જમીનની ઓળખ પસંદ કરી લેવામાં આવી છે. જયારે ત્રણ માટે જમીનની ફાળવણી કરી દેવામાં આવી છે. રાજય સરકારે તાજેતરમાં નવા ૧૧ ગ્રીનફિલ્ડ એરપોર્ટ તથા કેટલાંકનાં વિસ્તરણ માટે એમઓયુ કર્યા હતા. તેમાં અંકલેશ્વર, મોરબી, રાજપીપળા, બોટાદ, દ્વારકા, ધોરડો, રાજુલા, દાહોદ, અંબાજી, ધોળાવીરા તથા પાલીતાણાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઔદ્યોગીક વસાહકો તથા ધાર્મિક અથવા ઐતિહાસીક સ્થળોને ધ્યાને રાખીને પસંદગી કરવામાં આવી હતી.

રાજયના ૧૧ એરપોર્ટ માટેની પ્રક્રિયા તેજ બની હોય તેમ રાજય સરકારે પાંચ શહેરોનાં એરપોર્ટ માટે ૧૩૧૨, હેકટર જમીનની ઓળખ કરી લીધી છે. બોટાદમાં ૧૯૦.૩૪ હેકટર, દ્વારકામાં ૧૩૨.૫૨ હેકટર, દાહોદ એરપોર્ટ માટે ૪૦૮.૬૪ હેકટર, ધોરડોમાં ૫૦૦ હેકટર, રાજુલામાં ૮૦.૯૪ હેકટર, જમીન પસંદ કરી લેવામાં આવી છે. આ સિવાય મોરબી એરપોર્ટ માટે ૯૦ હેકટર, રાજપીપળામાં ૪૭.૨૪ હેકટર તથા અંકલેશ્વરમાં ૮૦ હેકટર, જમીનની



ફાળવણી પણ કરી દેવામાં આવી છે. ધોળાવીરા તથા અંબાજી એરપોર્ટ માટે જમીનની પસંદગી ઓળખ બાકી છે.જયારે પાલીતાણા માટે યોગ્ય જમીન નથી. સરકારનાં એમઓયુ પ્રમાણે, ભાવનગર, કંડલા, પોરબંદર, સુરત, વડોદરા તથા કેશોદનાં વર્તમાન એરપોર્ટનાં વિસ્તરણ માટે વધારાની જમીન માંગવામાં આવી છે.અમરેલી, માંડવી તથા મહેસાણાની વર્તમાન આઈપટ્ટી વિકસાવવાની પણ યોજના છે. સિદ્ધપુર, વડનગર તથા કેવડીયામાં એરપોર્ટ શકય છે કે કેમ તેનો પણ ટેકનો-ઈકાનોમીક સર્વે કરાવવામાં આવનાર છે. ગુજરાત ઔદ્યોગીક ધાર્મિક સહીતનાં ક્ષેત્રોમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

# વિશ્વમાં કોરોનાના કેસમાં એક માસમાં જ ૫૨ ટકાનો વધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં એક જ દિવસમાં કોરોનાના કેસમાં બે ગણા વધારા સાથે વિશ્વમાં પણ આ સંક્રમણ આગળ વધતુ જાય છે અને નવા સબવેરીએન્ટ જેએન.૧ વેરીએન્ટના અત્યાર સુધીમાં વિશ્વમાં ૮.૫૦ લાખથી વધુ નવા કેસ નોંધાયા છે અને ૩૦૦૦થી વધુ લોકોના મૃત્યુ થયા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચેતવણી આપી છે કે કોરોનાનું સંક્રમણ વધી શકે છે. દુનિયામાં એક માસમાં જ કેસ ૫૨ ટકાથી વધુ વધ્યા છે.

જોકે મૃત્યુની સંખ્યામાં ૮ ટકાનો ઘટાડો થયો છે. કોરોનાના નવા વેરીએન્ટની સંક્રમણ ઝડપ વધુ હોવાની જે શકયતા હતી તે વાસ્તવિકતા બની રહી છે અને આ મહામારી ફરી એક વખત દુનિયાને ધમરોળે તેવી શકયતા છે. જો કે સિંગાપોરમાં એક વખત કેસમાં વધારા બાદ સતત ઘટાડો થઈ રહ્યો છે અને તેથી તેની પીક આ દેશમાં આવી ગઈ હોય તેવું શકય




પણ છે અને તેના કારણે કોઈ મોટી અસર કર્યા વગર જ આ લહેર પસાર થઈ જાય તેવી પણ શકયતા છે. બ્રિટનમાં કોવિડના નવા વેરીએન્ટના કેસ વધતા જાય છે. જો કે અતિશય ઠંડી અને હિમવર્ષા સહિતના કારણે બ્રિટન સહિત યુરોપમાં કોરોનાના કેસ વધે તેવી શકયતા છે.

# આગામી લોકસભાની ચૂંટણી પહેલાં રાજકીય પક્ષ માટે માર્ગદર્શિકા જાહેર કરાઈઃ દિવ્યાંગો માટે અપમાનજનક શબ્દોના ઉપયોગ કરશો તો પાંચ વર્ષની જેલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા ચૂંટણી પંચે રાજકીય પક્ષ માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. પંચે પક્ષોને ચૂંટણી પ્રચારમાં દિવ્યાંગો માટે અપમાનજનક ભાષાનો ઉપયોગ ન કરવા સૂચના આપી છે.

પંચે પક્ષકારોને કહ્યું કે વિકલાંગો માટે મૂંગા, પાગલ, પાગલ, આંધળા, એક આંખવાળા, બહેરા, લંગડા, નબળા, અપંગ જેવા શબ્દોનો ઉપયોગ ન કરવો જોઈએ. પ્રચાર દરમિયાન નેતાઓના ભાષણો, સોશિયલ મીડિયા પોસ્ટ્સ,




જાહેરાતો અને પ્રેસ રિલીઝમાં આવા શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ નહીં. જો આનું ઉલ્લંઘન કરવામાં આવે તો વિકલાંગ વ્યક્તિઓના અધિકારો અધિનિયમ, ૨૦૧૬ની કલમ ૯૨ હેઠળ ૫ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે.

પ્રચાર દરમિયાન પક્ષએ ભાષણો, સોશિયલ મીડિયા પોસ્ટ્સ, જાહેરાતો અને પ્રેસ રિલીઝની સમીક્ષા કરવાની રહેશે. પક્ષોએ પ્રચાર દરમિયાન વિકલાંગો માટે ભાષણો, સોશિયલ મીડિયા પોસ્ટ્સ, જાહેરાતો અને પ્રેસ રિલીઝ પણ જાહેર કરવાની રહેશે. પ્રચાર દરમિયાન પક્ષોને ભાષણો, સોશિયલ મીડિયા પોસ્ટ્સ, જાહેરાત પ્રેસ રિલીઝને સમજવામાં કોઈ સમસ્યાનો સામનો કરવો ન જોઈએ. પક્ષકારોએ તેમની વેબસાઈટ પર જાહેર કરવું પડશે કે તેમનો પક્ષ વિકલાંગોને સામાન્ય લોકો જેવો જ સન્માન આપે છે. વિકલાંગોનો સંપર્ક કરવા માટે પક્ષોએ તેમના કાર્યકરોને તાલીમ મોડ્યુલ આપવા પડશે. પક્ષકારોએ વિકલાંગોની ફરિયાદો સાંભળવા માટે એક અધિકારીની નિમણૂક પણ કરવી જોઈએ. પક્ષોએ વિકલાંગ લોકોને કાર્યકર્તા અથવા સભ્ય બનાવવા જોઈએ. તેનાથી ચૂંટણીમાં વિકલાંગ લોકોની ભાગીદારી વધશે. છત્તીસગઢ વિધાનસભાની ચૂંટણીમાં દિવ્યાંગોને ઘરેથી મતદાન કરવાની સુવિધા હતી

ચૂંટણી પંચ છેલ્લા કેટલાક સમયથી દિવ્યાંગોની મતદાન ટકાવારી વધારવા માટે અનેક પ્રયાસો કરી રહ્યું છે. કર્ણાટક વિધાનસભા ચૂંટણી ૨૦૨૩થી દિવ્યાંગો માટે વિશેષ સુવિધાઓ શરૂ થઈ ગઈ છે. આમાં ૪૦%થી વધુ વિકલાંગ લોકો ઘરે બેઠા મતદાન કરી શકશે. આ માટે તેમણે ચૂંટણીનું જાહેરનામું બહાર પાડ્યાના ૫ દિવસમાં ફોર્મ ભરવાનું હતું. આ પછી સરકારી કર્મચારીઓ વિકલાંગોના ઘરે મતદાન માટે પહોંચ્યા હતા. આ પ્રક્રિયાની વિડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી. મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાન સહિત ૫ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં પણ આ સુવિધા ઉપલબ્ધ હતી.

# કાશ્મીરની સુંદર ખીણોમાં હવે ટુંક સમયમાં દોડશે વંદે ભારત ટ્રેન

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

કાશ્મીર ખીણ ટૂંક સમયમાં દેશના રેલ નેટવર્ક સાથે જોડાવાની છે. કાશ્મીર ખીણને રેલમાર્ગ દ્વારા દેશ સાથે જોડવાના માર્ગમાં એક મોટો અવરોધ હતો. એક ટનલે સંપૂર્ણ પ્રોજેક્ટનો માર્ગ રોકેલો હતો. જેના કારણે કાશ્મીર ખીણ સુધી ટ્રેન કનેક્ટિવિટીમાં મોડુ થઈ રહ્યુ હતુ પરંતુ આકરી મહેનત બાદ હવે કાશ્મીર ખીણ સુધી રેલવે સફરનો માર્ગ સ્પષ્ટ થઈ ગયો હતો.



ઉત્તર રેલવેએ ઉધમપુર-શ્રીનગર-બારામુલા રેલ લિંક પ્રોજેક્ટમાં તમામ સુરંગોનું નિર્માણ પૂરુ કરી લીધુ છે. ૧૧૧ કિલોમીટર લાંબી કટરા-બનિહાલ રેલવે લાઈન પર સૌથી મોટો અવરોધ પણ હવે ખતમ થઈ ચૂક્યો છે. જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં સુરંગ-૧નું નિર્માણ પૂરુ કરી દેવાયુ છે. કટરા અને રિયાસી સ્ટેશન વચ્ચે ૩૨૦૯ મીટર લાંબી ટનલ બનાવવામાં આવી છે જેને ટી-૧ ના નામથી ઓળખવામાં આવે છે.

ટી-૧ કટરા-બનિહાલ રૂટનો પહેલો બ્લોક છે. આ રૂટની તમામ ટનલ યૂએસબીઆરએલ પરિયોજના હેઠળ બનાવવામાં આવી છે. આ સફળતાને મિસાલ ગણવામાં આવી રહી છે કેમ કે ટી-૧ માં પાણીનું પ્રેશર ખૂબ વધુ હતુ. સુરંગનું નિર્માણ કરવુ એન્જિનિયર્સ અને મજૂરો માટે મોટો પડકાર બનતો જઈ રહ્યો હતો. હવે તમામ પડકારોને પાર કરીને સુરંગને તૈયાર કરવામાં આવી ચૂકી છે. આ સુરંગના માર્ગે કાશ્મીર ખીણ સુધી રેલવેની સફર સંભવ થઈ શકશે.

રેલવેની આ સફળતા પર રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ સોશિયલ મીડિયા ૬ પર તમામ કર્મચારીઓનો આભાર માન્યો અને કહ્યુ કે ૩૨૦૯ મીટર લાંબી ટનલ ટી ૧ નું કામ પૂરુ થઈ ચૂક્યુ છે. ઉધમપુર-બારામૂલા ખંડની તમામ ટનલનું કામ પણ પૂરુ થઈ ચૂક્યુ છે. સફળતા માટે ટીમ રેલવેને શુભકામના.

**કેમ ખાસ છે આ રેલવે નેટવર્ક**

અત્યાર સુધી દેશના અન્ય ભાગોમાંથી માત્ર જમ્મુ સુધીનું રેલ નેટવર્ક, જમ્મુ અને શ્રીનગરને જોડનારી કોઈ ટ્રેન નથી, જમ્મુથી શ્રીનગર માત્ર માર્ગથી જવાય છે. જમ્મુથી શ્રીનગર સુધી માર્ગ યાત્રા લગભગ ૨૪૪ કિમી છે, આ સફરમાં મુસાફરોના લગભગ ૬થી ૭ કલાક લાગે છે, આ ટ્રેક પર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની સાથે માત્ર સાડા ૩ કલાક લાગશે, કાશ્મીરની સુંદર ખીણોમાં વંદે ભારત દોડશે, નવા વર્ષે જમ્મુ-કાશ્મીરમાં વંદે ભારત ટ્રેનની થઈ શકે છે શરૂઆત, USBRL પરિયોજના હેઠળ વંદે ભારત ટ્રેન ચાલશે. આ રેલવે માર્ગ પર ૨ પ્રકારની વંદે ભારત ટ્રેન ચલાવવામાં આવશે, વંદે ભારત ૧૬ કોચ થશે, વંદે મેટ્રો ૯ કોચની થશે, વંદે ભારત જમ્મુથી બનિહાલ સુધી ૨૭૧ કિલોમીટરમાં ચાલશે.

ટ્રેન વિશ્વના સૌથી ઊંચા રેલવે બ્રિજથી પસાર થશે, જે બનીને તૈયાર થઈ ચૂકી છે અને ટ્રાયલ કરવામાં આવી રહી છે. જોકે ચિનાબ નદી પર જે બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે, તેની ઊંચાઈ ૩૫૯ મીટર છે અને દિલ્હીમાં સ્થિત ૭૩ મીટરના ૫ કુતુબ મીનાર આ બ્રિજની ઊંચાઈ સુધી પહોંચી જશે. એટલુ જ નહીં પેરિસનું એફિલ ટાવર પણ આ ચિનાબ બ્રિજની સામે નાનું છે. એફિલ ટાવરની ઊંચાઈ ૩૨૪ મીટર છે, જ્યારે ચિનાબનો આ આર્ચ બ્રિજ તેનાથી ૩૫ મીટર લાંબો છે

# વિદેશી મુદ્રા ભંડાર ૯ બિલિયન ડોલરથી વધીને ૬૧૬ બિલિયન ડોલર પર પહોંચ્યો

## સતત પાંચમાં અઠવાડિયે વિદેશી મુદ્રા ભંડારમાં ઉછાળો જોવા મળ્યોઃ ઓક્ટોબર ૨૦૨૧માં વિદેશી મુદ્રા ભંડાર ૬૪૫ બિલિયન ડોલરના લેવલ સુધી પહોંચ્યો હતો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિદેશી મુદ્રા ભંડારમાં મોટો ઉછાળો આવ્યો છે. RBIના ડેટા અનુસાર, ૧૫ ડિસેમ્બરે પૂર્ણ થયેલા વિદેશી રોકાણમાં ઉછાળાને લઈને વિદેશી મુદ્રા ભંડાર ૯.૧૧ બિલિયન ડોલર વધીને ૬૧૫.૯૭ બિલિયન ડોલર થઈ ગયો છે, જે પહેલા અઠવાડિયામાં ૬૦૬.૮૫ બિલિયન ડોલર હતો. આ સતત પાંચમું અઠવાડિયું છે જ્યારે વિદેશી મુદ્રા ભંડારમાં ઉછાળો જોવા મળ્યો છે.

ભારતીય રિઝર્વ બેંકે શુક્રવાર ૨૨ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ વિદેશી મુદ્રા ભંડારના ડેટા જાહેર કર્યા છે. ડેટા અનુસાર, ૧૫ ડિસેમ્બરને પૂર્ણ થયેલા અઠવાડિયામાં વિદેશી મુદ્રા ભંડાર ૯.૧૧ બિલિયન ડોલરના વધારા સાથે ૬૧૫.૯૭ બિલિયન ડોલર રહ્યો છે. આ દરમિયાન વિદેશી કરન્સી એસેટ્સમાં પણ ઉછાળો આવ્યો



છે અને આ ૮.૩૪ બિલિયન ડોલર વધીને ૫૪૫.૦૪ બિલિયન ડોલર પર આવી ગયો છે.

RBIના ગોલ્ડ રિઝર્વમાં પણ વધારો થયો છે. RBIના ગોલ્ડ રિઝર્વ ૪૪૬ મિલિયન ડોલરના વાધારા સાથે ૪૭.૫૭ બિલિયન ડોલર પર આવી ગયો છે. SDR ૧૩૫ મિલિયન ડોલર વધીને ૧૮.૩૨ બિલિયન ડોલર અને ઈન્ટરનેશનલ મોનિટરી ફંડમાં જમા રિઝર્વ ૧૮૧ મિલિયન ડોલરના ઉછાળા સાથે ૫.૦૨ બિલિયન ડોલર રહ્યો છે.

વિદેશી મુદ્રા ભંડારમાં ઉછાળાના મોટા કારણોમાં વિદેશી રોકાણમાં આવેલી તેજી સામેલ છે. ફેડ રિઝર્વના વ્યાજ દરો ન વધારવાના નિર્ણય અને વર્ષ ૨૦૨૪માં વ્યાજ દરોમાં કપાતના સંકેતો બાદ દેશમાં વિદેશી પોર્ટફોલિયો ઈન્વેસ્ટમેન્ટમાં વધારો જોવા મળ્યો છે. આ વાતની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે કે, નવા વર્ષમાં વિદેશી રોકાણમાં હજુ પણ વધારો આવી શકે છે.

ઓક્ટોબર ૨૦૨૧માં વિદેશી મુદ્રા ભંડાર ૬૪૫ બિલિયન ડોલરના લેવલ સુધી પહોંચ્યો હતો જ્યારબાદ મોટો ઘટાડો આવ્યો હતો. હવે વિદેશી મુદ્રા ભંડાર પોતાના જૂના હાઈથી ૩૦ બિલિયન ડોલર દૂર છે. ડોલર ઈન્ફ્લોમાં આવેલા ઉછાળાને લઈને ડોલરના મુકાબલે કરન્સી માર્કેટમાં રૂપિયો મજબૂત થયો છે. ૨૨ ડિસેમ્બરે એક ડોલરના મુકાબલે રૂપિયો ૧૪ પૈસા મજબૂત થઈને ૮૩.૧૪ના લેવલ પર ક્લોઝ થયો છે.

# મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસે છેલ્લા ૨૩ વર્ષથી લૂંટના કેસમાં વોન્ટેડ આરોપીને એમપી.થી દબોચ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનના લુંટના ગુન્હામાં છેલ્લા ૨૩ વર્ષથી નાસતા ફરતા આરોપીને મધ્યપ્રદેશ રાજયના જાંબુઆ જીલ્લા ખાતેથી પકડી હસ્તગત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.



મોરબી એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડ મોરબી જીલ્લાના નાસતા ફરતા આરોપીને શોધી કાઢવા પ્રયત્નશીલ હતા તે દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના અજઈ ચંન્દ્રકાંતભાઇ વામજા તથા ઇંઈ જયેશભાઇ વાઘેલા તથા ડઈ બ્રિજેશભાઇ કાસુન્દ્રાને ખાનગી રાહે હકિકત મળેલ કે, વાંકાનેર તાલુકા પો.સ્ટે.ના લૂંટ કેસમાં સંડોવાયેલ ગુનાના કામનો નાસતો ફરતો આરોપી સમસુભાઈ મનજીભાઈ બારીયા રહે.કોયાધરીયા (એમ.પી) વાળો હાલે તેના રહેણાંક મકાને હોવાની ચોકકસ હકીકત મળતા તુરંત જ એલસીબી સ્ટાફની ટીમ બનાવી જાંબુઆ જીલ્લા ખાતે પહોંચી હકીકત મુજબની જગ્યાએ તપાસ કરતા નાસતો ફરતો આરોપી સમસુભાઈ મનજીભાઈ બારીયા ઉવ.૪૬ રહે.કોયાધરીયા તા.જી.જાંબુઆ (એમ.પી)વાળો કોયાધરીયા ગામ તેના રહેણાક મકાનેથી પકડી પાડી હસ્તગત કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનને સોપી આપેલ છે.

# જામનગરમાંથી ચોરાયેલા ત્રણ મોબાઈલ સાથે મહિલા તથા શખ્સની અટકાયત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના રણજીતસાગર રોડ પર યુવા પાર્ક પાસેથી પોલીસે એક મહિલાને ચોરાઉ મોબાઈલ સાથે પકડી પાડ્યા છે. જ્યારે એલસીબીએ દિગ્જામ સર્કલ પાસેથી એક શખ્સને બે ચોરાઉ મોબાઈલ સાથે ઝડપી લઈ તેની ઘનિષ્ઠ પૂછપરછ હાથ ધરી છે.

જામનગર શહેરમાં વધતા જતા મોબાઈલ ચોરીના બનાવો વચ્ચે સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે સ્ટાફના હિતેશ સાગઠીયા, શૈલેષ ઠાકરીયાને બાતમી મળી હતી કે, રણજીત સાગર



રોડ પર યુવા પાર્ક પાસે એક મહિલા આંટાફેરા કરે છે અને તેણી પાસે ચોરાઉ મોબાઈલ છે.

તે બાતમીના આધારે પીઆઈ એન.એ. ચાવડાની સૂચના અને પીએસઆઈ બી.એસ. વાળાના વડપણ હેઠળ દોડી ગયેલી પોલીસ ટીમે ત્યાંથી રણજીતસાગર રોડ પર રઘુવીર પાર્કમાં રહેતા રમીલાબેન વિપુલભાઈ પદમાણી.ઉ.વ.૩૯ નામના મહિલાની અટકાયત કરી હતી. આ મહિલાના કબ્જામાંથી મોટોરોલા કંપનીનો રૂા.૨૧ હજારનો મોબાઈલ મળી આવ્યો હતો. તે મોબાઈલ ચોરાઉ હોવાનું ખૂલતા પોલીસે રમીલાબેન પદમાણીની અટકાયત કરી છે.તે દરમિયાન જામનગરની સ્થાનિક ગુન્હાશોધક શાખાના મયુદ્દીન, અરજણભાઈ, વનરાજ મકવાણાને મળેલી બાતમીના આધારે દિગ્જામ સર્કલ પાસેથી દિનેશ કાનાભાઈ બાવરી નામના શખ્સને અટકાયતમાં લેવાયો હતો. તેની તલાશી લેવાતા ખેતીવાડી ફાર્મ નજીક બાવરીવાસમાં રહેતા આ શખ્સ પાસેથી બે મોબાઈલ મળી આવ્યા હતા. આ મોબાઈલ ચોરાઉ હોવાની શંકાથી એલસીબીએ કુલ રૂા.૧૯,૫૦૦ની કિંમતના સેમસંગ તથા રેડમી કંપનીના બંને મોબાઈલ કબજે કર્યા છે અને દિનેશ કાનાભાઈની અટકાયત કરી છે.

# મોરબીના રફાળેશ્વર ગામે અગાઉની માથાકૂટનો ખાર રાખી યુવકના ઘર ઉપર બે મહિલા સહીત આઠ શખ્સોએ કર્યો હુમલો

## જેલમાંથી જામીન ઉપર છૂટેલ યુવકને જાનથી મારી નાખવા ધારિયા સાથે આવેલા પરિવારે તાંડવ મચાવ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રફાળેશ્વર ગામે અગાઉ થયેલ બબાલનો ખાર રાખી યુવક જેલમાંથી જામીન ઉપર છૂટ્યો કે તેને જાનથી મારી નાખવાના મનસૂબા સાથે આવેલા પરિવારના આઠ સભ્યો દ્વારા રીતસરનો આતંક મચાવ્યો હતો. ભોગ બનાર યુવક પોતાના પરિવાર સાથે ઘરના બારણાં બંધ કરી ઘરમાં અંદર જતા રહેતા ધારિયા ધોકા તથા ઈટના ઘા મારી યુવકના ઘરમાં અને બહાર રાખેલ યુવકના પિતરાઈ ભાઈની કારમાં નુકસાની કરી હતી. હાલ સમગ્ર બનાવ મામલે યુવકના બહેન દ્વારા મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ આઠ આરોપીઓ સામે ગુન્હો દાખલ કરી ધોરણસરની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ રંગપર(બેલા)ના વતની હાલ લખધીરપુર રોડ ઉપર ડીઝીટ કારખાનાની લેબર કોલોનીમાં રહેતા સુનિતાબેન ખીમજીભાઈ તીકુભાઇ પરમારે આરોપી રાજેશભાઇ કિશોરભાઇ સુમેસરા, દક્ષાબેન રાજેશભાઇ સુમેસરા, ભાવેશ ઉર્ફે કાલી કિશોરભાઇ સુમેસરા, પિન્ટુ પરમાર, ગજન રમેશભાઇ બારોટ, કીશોરભાઇ મેઘજીભાઇ સુમેસરા, જશુબેન કિશોરભાઇ સુમેસરા, ધર્મેશ કિશોરભાઇ સુમેસરા બધા રહે.રફાળેશ્વર તા.જી.મોરબી વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું હતું કે ફરીયાદી સુનિતાબેનના ભાઇ અજય તથા આરોપી ગજન રમેશભાઇ બારોટને અગાઉ માંથાકુટ થયેલ હોય જેનો ખાર રાખી આ તમામ આરોપીઓએ ગેરાયદેસરની મંડળી રચી, એક સંપ કરી, પ્રાણઘાતક હથિયાર ધારીયુ તથા લાકડાના ધોકા તથા ઇંટુના કટકા સાથે સુનિતાબેનના ભાઇ અજયભાઇ જગદિશભાઇ ચૌહાણના ઘર પાસે આવી, સુનિતાબેન તથા અજયભાઈના પરિવારને ભુંડી ગાળો આપી, સુનિતાબેનના ભાઈ અજયને જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા હોય જેથી અજયભાઈ તેના પરિવાર સાથે ઘરમાં અંદર જતા રહેતા મકાનના આગળ-પાછળના દરવાજામાં તથા બારીઓમાં તથા ઘરની બહાર રાખેલ ક્રેટા ગાડીમાં, ધારીયાથી તથા લાકડાના ધોકા તથા ઇંટુના કટકાના ઘા મારી નુકશાની કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ આઇપીસી કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી તપાસની તજવીજ હાથ ધરી છે.

# સાસરીયામાં ચોરીનો આરોપ નાખતા પુત્રવધુએ ઘર છોડ્યુંઃ ૧૮૧ ટીમે કુશળ કાઉન્સેલિંગ કરી પરિવાર સાથે પુનઃ મિલન કરાવ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં એક જાગૃતનો ૧૮૧ પર કોલ આવેલ અને જણાવેલ કે અહીંયા એક મહિલા વહેલી સવારના બે કલાકથી બેઠા હોય છે અને તેઓ ખૂબ જ રડતા હોય છે અને પોતાનું નામ કે સરનામું જણાવતા ન હોય અને તેઓ ફક્ત એટલું જણાવે છે કે ઘર છોડીને નીકળી ગયા હોય છે તેથી તેમને મદદની જરૂર છે.

કોલ આવતા ની સાથે જ ૧૮૧ ટીમના કાઉન્સેલર રીના દિહોરા અજઈ તારાબેન ચૌહાણ તેમજ પાયલોટ



સુરજીતસિંહ વાઘેલા સહિતની ટીમ સ્થળ પર પહોંચેલ સ્થળ પર જઈને રૂબરૂ મહિલા સાથે કાઉન્સેલિંગ કરેલ . સમસ્યા જાણેલ સમસ્યા જાણતા જણાયું કે મહિલાના સાસરીમાં ચાંદીના દાગીના મહિલાએ મુકેલા હોય છે અને હાલ તે દાગીના ઘરમાં મળતા ન હોય તેથી મહિલાના સાસુ સસરા તેમજ તેમના પતિ મહિલા ઉપર ચોરીનો આરોપ નાખતા હોય છે અને મહિલાને માનસિક રીત ના ટોર્ચર કરતા હોય છે અને અપશબ્દ બોલતા હોય છે તેથી મહિલા ઘરમાંથી કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયેલ હોય છે . મહિલાની પૂરી વાત સાંભળીને તેમને સાંત્વના આપેલ અને તેમનું નામ સરનામું વગેરે જાણેલ અને તેઓ જામનગરના હોય છે અને હાલ તેઓ ઘરે જવા માગતા ન હોય તેથી તેમને શાંતિથી બેસાડીને લાંબા ગાળાનું કાઉન્સેલિંગ કરેલ અને સમજાવેલ ત્યારબાદ , મહિલા ના સાસરીમાં ગયેલ અને અને ત્યાં રૂબરૂ તેમના સાસુ સસરા, અને તેમના પતિનું કાઉન્સેલિંગ કરેલ , સમજાવેલ અને મહિલાના સાસુ અને સસરા એ તેમની ભૂલ સ્વીકારેલ અને મહિલા ને રાજી ખુશીથી સ્વીકારેલ હોય છે અને મહિલાને પણ હાલ તેમની સાસરીમાં જ રહેવું હોય છે તેથી મહિલાને તેના પતિને સોંપેલ , મહિલાના પતિએ ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કરેલ.

# જામનગર રોજગાર કચેરી અને સરકારી વાણીજ્ય કોલેજના સંયુક્ત ઉપક્રમે રોજગાર-પાસપોર્ટ વિષયક સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર રોજગાર કચેરી અને સરકારી વાણીજ્ય કોલેજના સંયુક્ત ઉપક્રમે કોલેજ ખાતે પાસપોર્ટ અવેરનેશ અને પાસપોર્ટ વિષે માર્ગદર્શન તથા વિદેશ રોજગાર અને રોજગાર અને કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયો હતો. આ સેમીનારમાં રોજગાર કચેરી જામનગર ખાતે ફરજ બજાવતા એમ્પેક્ષ-બી કેરિયર કાઉન્સેલર અંકિતભાઇ ભટ્ટ દ્વારા સેમીનારની શરૂઆતમાં રોજગાર કચેરી દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ, પ્રવર્તમાન સમયે રહેલી નોકરીની જુદી જુદી જાહેરાતો, તથા એમ્પ્લોયમેન્ટ કાર્ડનું શું મહત્વ રહેલ છે, કેવી રીતે એમ્પ્લોયમેન્ટ કાર્ડ માટે ડોક્યુમેન્ટ જરૂરી છે તેની સવિસ્તાર માહિતી આપી હતી. તથા વિદેશ રોજગાર સેલ રાજકોટથી પધારેલ હાર્દિકભાઇ મહેતા અને હમીર ચૌહાણ દ્વારા પાસપોર્ટ કેવી રીતે કઢાવવો, પાસપોર્ટ માટે ઓનલાઇન એપ્લીકેશન કેમ કરી શકાય તથા પ્રવતમાન સમયમાં થતા પાસપોર્ટ સબબ છેતરપીંડીથી કેમ બચી શકાય તે વિષે ઉમેદવારોને માર્ગદર્શન આપ્યું હતું આ કારકિર્દીલક્ષી સેમીનારમાં ૧૨૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સરકારી વાણીજ્ય કોલેજ જામનગરના આચાય ર્ડો.એચ.બી. ઘેલાણીએ સેમીનારના અંતે જણાવ્યું હતું કે એમ્પ્લોયમેન્ટ કાર્ડ રજીસ્ટ્રેશન કેમ્પ અને પાસપોર્ટ વિષે પીપીટી સાથે સચોટ માર્ગદર્શનના સેમિનારો વધુમાં વધુ કોલેજોમાં થવા જરૂરી છે. તેમ એસ.બી.સાંડપા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# વાંકાનેર તાલુકાના ગારિયાના શખ્સની પાસા તળે અટક કરી વડોદરા મધ્યસ્થ જેલ હવાલે કરાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસ દ્વારા પ્રોહીબીશનના અનેક ગુનામાં સંડોવાયેલ વાંકાનેર તાલુકાના ગારિયાના ઇસમની પાસા હેઠળ અટકાયત કરી વડોદરા મધ્યસ્થ જેલ હવાલે કરાયો છે.



મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીની સૂચના અનુસંધાને એલસીબી પીઆઇ ડી.એમ.ઢોલ દ્વારા મોરબી જીલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુન્હાઓમાં સંડોવાયેલ ઇસમો સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલતા ઉપરોકત ગુનામાં સંડોવાયેલ વિશાલ મંછારામ ગોંડલીયા મોરબીનું પાસા વોરંટ ઇશ્યુ કરેલ હોય, જેથી પાસા વોરંટની બજવણી માટે એલસીબી પોલીસે અલગ અલગ ટીમો બનાવી આરોપી વિશાલ મંછારામ ગોંડલીયા ઉવ.૨૩ રહે.ગારીયા તા.વાંકાનેરને મોરબીની લીલાપર ચોકડી ખાતેથી અટક કરી પાસા એક્ટ હેઠળ ડિટેઇન કરી વડોદરા મધ્યસ્થ જેલ હવાલે કર્યો છે.

# મોરબી સાર્થક વિદ્યા મંદિર ખાતે ગીતા જયંતિ (મોક્ષદા એકાદશી)ની ઉજવણી કરાઇ



**મુખ્ય સમાચાર, મોરબી**

મહાભારતના રણમેદાનમાં માગશર સુદ એકાદશીનાં દિવસે પાંડવો પૈકીના મહાન ધનુર્ધારી અર્જુનને ભગવાન શ્રીકૃષ્ણે તેમના શ્રીમુખેથી અધર્મ સામે યુદ્ધ કરવા તેમજ જીવનમાં આવતા તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવી જિંદગી જીવવાની રીતનો અમર સંદેશ આપવામાં આવ્યો હતો તેને જ ભગવદ ગીતા કહેવામાં આવી. ત્યારથી માગશર સુદ એકાદશીનાં દિવસે ગીતા જયંતિ તરીકે ઉજવણી કરવામાં આવે છે ત્યારે મોરબી શહેરની સાર્થક વિદ્યામંદિર ખાતે ગીતા જયંતિની ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી.

ગીતા જયંતીના આ પાવન અને મંગલમય દિવસે સાર્થક વિદ્યામંદિરમાં ગઈકાલે સવારે ૮ થી ૧૧ અને બપોરે ૩ થી ૬ એમ બંને પાળીમાં ગીતાના ૧૮ અધ્યાયનું સવારે અને બપોરે એમ ૨ વાર પઠન કરવામાં આવ્યું હતું ત્યાર બાદ ગીતા આરતી, પૂજન, ગીતા ધ્યાન, ગીતા પઠન અને મહાત્મ્ય કરવામાં આવ્યું હતું. તેમજ શાળામાં ઓછામાં ઓછા ત્રણ અધ્યાય કંઠસ્થ બોલનાર વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

આ ગીતા જયંતિ પ્રસંગમાં મોરબી જીલ્લા પ્રશિચમ સંઘપ્રમુખ ડો.જયંતિભાઈ ભાડેશિયા ઉપસ્થિત રહ્યા હતા તેમજ શાળાના સંચાલક, પ્રિન્સિપાલ, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# લાલપુરના સણોસરી ગામમાંથી જુગાર રમતા છ શકુનીઓ પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના સણોસરી ગામમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડયો હતો, અને છ પત્તાપ્રેમીઓની અટકાયત કરી લઈ તેઓ પાસેથી ૨,૩૨,૬૩૦ ની માલમતા કબ્જે કરી છે.લાલપુર પોલીસ સ્ટેશનના સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે લાલપુર તાલુકાના સણોસરા ગામમાં બાવળના ઝાડ નીચે કેટલાક શખ્સો એકત્ર થઈને ગંજીપાના વડે જુગાર રમી રહ્યા છે, જે બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન છ શખ્સો ગંજીપાના વડે હારજીતનો જુગાર રમી રહેલા નજરે પડ્યા હતા.આથી પોલિસે ભીમશીભાઈ મશરીભાઈ બેડીયાવડર,એભાભાઈ દેવરખીભાઈ કનારા, પોલાભાઈ પબાભાઈ ભોચીયા, રમેશ દેવરખીભાઇ વરૂ, મહેશ ભીખાભાઈ બોદર, અને માલદેવભાઈ



દેવશીભાઈ કરમુરની એટકાયત કરી લઇ તેઓ પાસેથી રોકડ રકમ તથા મોબાઈલ ફોન અને કાર સહિત કુલ રૂપિયા ૨,૩૨,૬૩૦ ની માલમતા કબ્જે કરી છે.

# મોરબી બાર એસોસિએશનના પ્રમુખ પદે દિલીપભાઈ અગેચણિયા ચુંટાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી બાર એસોસિએશનના નવા પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના હોદેદારો માટે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદના હરીફો દેવજીભાઈ પરમારને ૧૪ મત, પ્રાણલાલ માનસેતાને ૫૯ મત, જીતુભા જાડેજાને ૧૭૧ મત અને દિલીપભાઈ અગેચણિયા ૨૧૨ મત મળતાં દિલીપ અગેચણિયા પ્રમુખ પદે વિજેતા જાહેર કરાયા હતા. જ્યારે ઉપપ્રમુખ તરીકે પ્રકાશભાઈ વ્યાસ, જોઈન્ટ સેક્રેટરી તરીકે ઉદયસિંહ જડેજા અને સેક્રેટરી તરીકે વિજયભાઈ શેરસિયા તેમજ કોરોબારી સભ્યો તરીકે કરમશીભાઈ પરમાર, સાગરભાઈ પટેલ અને બ્રિજરાજસિંહ ઝાલા વિજેતા થયા હતા.




# મોરબીમાં રવાપર રોડ, પંચાસર રોડ સહિતના મુખ્ય રસ્તાઓ બનાવવાની કામગીરી આગામી બે માસમાં પૂર્ણ કરાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

રાજ્ય સરકાર તરફથી મળેલ ૧૦ કરોડની ગ્રાન્ટમાંથી રવાપર રોડ તથા પંચાસર રોડ સહિતના મુખ્ય રોડ ખોદીને નવા બનાવવામાં આવશે. જે માટે ટેન્ડરોની કામગીરી પૂર્ણ કરી રોડના કામ કરવા કોન્ટ્રાક્ટર એજન્સીઓ ફાઇનલ કરી હતી. જે બાબતે આજરોજ મોરબી નગર પાલિકા ખાતે ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, પાલિકા વહિવટદાર એન.કે.મુછાર, ઇન્ચાર્જ ચીફ ઓફિસર પરમાર તથા આપેલ રોડના કામના કોન્ટ્રાક્ટરો સાથે એ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.



નગરપાલિકા ખાતે યોજાયેલ બેઠકમાં ધારાસભ્ય કાંતિભાઈ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી પાલિકા દ્વારા આગામી સમયમાં રોડ સહિતના કામો કરવા માટે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સાથે બેઠક યોજી સારી ક્વોલિટીવાળા કામો કરવા અને સત્વરે ઓછા સમયમાં કામ પૂર્ણ થાય તે બધી બાબતોની ચર્ચા માટે બેઠક યોજી હતી જેમાં આપેલ રોડના કામના કોન્ટ્રાક્ટરો દ્વારા તમામ બાબતે પોતાની સંમતિ આપતા તેને અભિનંદન આપ્યા હતા. વધુમાં કાંતિભાઉએ કહ્યું હતું કે હાલ જે રોડનું કામ ચાલુ કરવામાં આવ્યું છે તે બધા રોડ રાજાશાહી વખતથી બનેલા હોય અને તે રોડ ઉપર રોડ બનાવાની પરંપરા ચાલુ હતી જે હવે તેને એકદમ નવેસરથી ખોદીને બનાવવામાં આવશે. અને સારા રોડ બનવામાં સમય લાગે ત્યારે મોરબીના નગરજનો અને વેપારીઓને ધીરજ રાખવા તથા રોડના કામનું આમલોકોને પણ ધ્યાન રાખવાનું જણાવવામાં આવ્યું હતું.

આ બેઠકમાં વહીવટીદાર એન. કે. મુછારે જણાવ્યું હતું કે ગ્રાન્ટમાંથી રવાપર રોડ અને પંચાસર રોડ સહિતના મુખ્ય રોડનું નવીનીકરણ કરવામાં આવ્યું છે જેના માટે ટેન્ડરો બહાર પાડવાની, મંજુર કરવાની તથા કોન્ટ્રાક્ટર એજન્સીઓને રોડ બનાવવાના કામની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થવા ગયી છે રોડ સહિતના કામો માટે તેમજ નવા રોડના કામોમાં ટ્રાફિક ન થાય તેમજ કામમાં કોઈ બાધારૂપ ન બને તે માટે પ્રજાના સહયોગની અપેક્ષા વ્યક્ત કરી છે.

જ્યારે ઇન્ચાર્જ ચીફ ઓફિસર પરમારે જણાવ્યું હતું કે, આજે સરકાર તરફથી મળેલ ગ્રાન્ટમાંથી રોડ બનાવવાના કામો શરુ થવા જઈ રહ્યા છે ત્યારે આ રોડના કામો એકદમ ગુણવત્તાસભર ણ તમામ નીતિ નિયમો મુજબ થાય તે માટે કોન્ટ્રાક્ટરો જરૂરી સૂચનો કરાયા છે તેમજ રોડના કામો દરમિયાન નગરજનોને હાલાકી ન પડે તે રીતે આયોજન કરવામાં આવ્યું છે.

# મોરબી તાલુકાના ગોરખેજડીયા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું સામૈયાં અને કુમકુમ તિલક કરી સ્વાગત કરાયું

## સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને મહાનુભાવોના વરદ હસ્તે લાભોનું વિતરણ કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના રથ ગામે ગામ ભ્રમણ કરી સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરી રહ્યા છે, જે અન્વયે મોરબીના ગોરખીજડીયા ગામે રથનું આગમન થયું હતું. સરકારી યોજનાઓ ઘર આંગણે પહોંચતા ગ્રામજનોએ રથને સામૈયાં અને કુમકુમ તિલક કરી આવકાર્યો હતો.



આ પ્રસંગે ટંકારા ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયા એ સરકારની વિવિધ ૧૭ યોજનાઓ વિશે માહિતિ આપી પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતુ. કાર્યક્રમમાં મહાનુભાવોના વરદહસ્તે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને વિવિધ લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. 'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત આયુષ્માન કાર્ડ, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી, પ્રધાનમંત્રી આવાસ યોજના સહિત વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ પોતાને મળેલ યોજનાઓના લાભ વિશે પ્રતિભાવ રજૂ કર્યા હતા. આ સાથે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ તેમજ ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને કીટ સહિત વિવિધ યોજનાઓની સહાય વિતરણ કરવામાં આવી હતી. ઉપરાંત ગોરખીજડીયા ગ્રામ પંચાયતમાં સો ટકા નલ સે જલ યોજના હેઠળ શ્રેષ્ઠ કામગીરી બદલ ગ્રામ પંચાયતને પ્રમાણપત્ર આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન બાળકોએ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તેમજ રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટાડે તેવા સંદેશાઓ આપતું 'ધરતી કહે પુકાર કે.' નાટક રજુ કર્યું હતું, જે કાર્યક્રમમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ પ્રસંગે સર્વે ઉપસ્થિતોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેકર્ડ કરેલો સંદેશો સાંભળી ભારતની વિકાસ યાત્રાને પ્રદર્શિત કરતી પ્રદર્શન ફિલ્મ નિહાળી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો તથા ગ્રામજનો વિકસિત ભારત માટેના શપથ લઈને દેશના વિકાસમાં વધુને વધુ પોતાનું યોગદાન આપવા સંકલ્પબદ્ધ થયાં હતાં.

કાર્યક્રમ સ્થળે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા ઉભા કરાયેલા પોષણયુક્ત આહારનું નિદર્શન સ્ટોલ, ટેક હોમ રાશન થકી સગર્ભા-ધાત્રી માતા, બહેનો, કિશોરીઓ, બાળકોના પોષણ માટે અતિઆવશ્યક પોષણયુક્ત આહાર વિશે નાગરિકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા પણ વિનામૂલ્યે આરોગ્યની તપાસનો સ્ટોલ ઉપરાંત ઉજ્જવલા યોજના, બેંક વગેરે વિભાગની યોજનાઓ અંગેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ટંકારા ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયા, જિલ્લા પંચાયત સભ્યશ્રી જયંતિભાઈ પડસુંબિયા, અગ્રણી સર્વશ્રીઓ અરવિંદભાઈ વાંસદડીયા, સાગરભાઈ સદાતિયા, બચુભાઈ અમૃતિયા, ધનજીભાઈ દંતલિયા, તથા આરોગ્ય વિભાગ, આઈસીડીએસ, બેંક સહિત વિભાગના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ અને ગોરખીજડીયાના સરપંચશ્રી, ઉપસરપંચશ્રી સહિત ગ્રામજનો જોડાયા હતા.

# દ્વારકામાં ૩૭ હજાર આહીરાણીઓ મહારાસ રમી ઈતિહાસ સર્જશે

## દોઢ લાખ આહીર સમુદાય આ પ્રસંગનો સાક્ષી બનશેઃ આહીરાણીઓ પરંપરાગત પરિધાનમાં મહારાસ રજૂ કરશે

## આ કાર્યક્રમને સફળ બનાવવા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પુનમબેન માડમ, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, હેમંતભાઈ આહીર, જવાહરભાઈ ચાવડા સહિતના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે










**મુખ્ય સમાચાર, દ્વારકા**

વિશ્વવિખ્યાત યાત્રાધામ દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણના પુત્રવધુ અને બાણાસુરના પુત્રી ઉષા રાસ રમ્યા હતા. તેની સ્મૃતિરૂપે આજરોજ તા. ૨૩ અને ૨૪ ડિસેમ્બરના રોજ અખિલ ભારતીય આહીરાણી મહારાસ સંગઠન દ્વારા યાત્રાધામના આંગણે મહારાસનું અતિ ભવ્ય આયોજન કરાયું છે. કૃષ્ણલીલાના દ્વારકા ખાતેના નોંધપાત્ર પ્રસંગો પૈકી એક એવા બાણાસુરની પુત્રી અને શ્રીકૃષ્ણના પૌત્ર અનિરૂધ્ધજીના પત્ની ઉષાએ તેમના લગ્ન બાદ દ્વારકા ખાતે જે ગરબો રચ્યો હતો, તેની સ્મૃતિ રૂપે શ્રીકૃષ્ણના યાદવ કુળના ૩૭ હજાર આહીરાણીઓ દ્વારા ગરબો રચીને રાસ સ્વરૂપે ભગવાન દ્વારકાધીશના ચરણમાં અર્પણ કરાશે.

આ કાર્યક્રમ ભગવાન શ્રીકૃષ્ણએ જે સંસ્કારો આપ્યા છે, તેમજ સંસ્કૃતિમાં રાસનું મહત્વ વર્ણવ્યું છે, તે સંગીતમય સાધના સાથે પ્રેમ અને લાગણીની અભિવ્યક્તિ રજૂ થશે. સનાતન ધર્મનો મૂળ ઉદ્દેશ સંસ્કૃતિ ઉજાગર થાય અને આવતી પેઢીમાં સંસ્કાર અને પ્રાચીન સંસ્કૃતિનું સિંચન થાય તે હેતુથી આયોજન કરાયું છે. આ સમગ્ર આયોજન સમાજના મહિલાઓ દ્વારા થયું છે. જેને સમાજે સ્વીકારી પ્રોત્સાહન આપ્યું છે. આ ઐતિહાસિક આયોજનથી વિશ્વ રેકોર્ડ સ્થાપિત થવા જઈ રહ્યો છે.

શનિવાર તારીખ ૨૩મીના રોજ આ રાસોત્સવ કાર્યક્રમની શરૂઆત થશે જેમાં સાંજે ચાર વાગ્યાથી આમંત્રિતો તેમજ દાતાઓનું ભવ્ય સન્માન, ત્યાર બાદ સમૂહ પ્રસાદનું આયોજન થયું છે આ પછી શનિવારે રાત્રે ૯ વાગ્યાથી જાણીતા કલાકાર માયાભાઈ આહીર સહિતના કલાકારોના લોક ડાયરા ઉપરાંત જ્ઞાતિના બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ શનિવારે રાત્રે રજૂ કરવામાં આવશે.

મુખ્ય આયોજનમાં રવિવાર તારીખ ૨૪મીના રોજ સવારે ૫ વાગ્યે બ્રહ્મમુહૂર્તમાં દ્વારકામાં રુક્ષ્મણી માતાના મંદિરની પાછળના ભાગે આવેલા વિશાળ ગ્રાઉન્ડ ખાતે ૩૭,૦૦૦થી વધુ આહીરાણીઓ પરંપરાગત પહેરવેશ પરિધાન કરીને રાસ રજૂ કરશે. આ રાસની સમાપ્તિ પછી ખૂબ જ વ્યવસ્થિત રીતે ભગવાન દ્વારકાધીશના ચરણોમાં આ રાસ રજૂ કરવા શાંતિ યાત્રા કાઢશે અને વિશ્વના કલ્યાણ અર્થે શ્રીકૃષ્ણ સમક્ષ પ્રાર્થના કરવામાં આવશે. એ પછી સવારે ૭ વાગ્યે આબુથી બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયના બી.કે.ઉષાદીદી નારી તું નારાયણીનો સંદેશ આપવા સાથે ગીતા સંદેશ પણ આપશે. આ સાથે ઉપસ્થિત તમામ લોકો તથા આમંત્રિતોને સમુહ પ્રસાદનું આયોજન પણ થયું છે

આ સમગ્ર આયોજનના પ્રારંભે આ મહારાણી રાસોત્સવની તૈયારીના ભાગરૂપે પ્રથમ કંકોત્રી ભગવાન દ્વારકાધીશના જગત મંદિર તથા સૌરાષ્ટ્રના તમામ મુખ્ય મંદિરોમાં આહીર સમાજના આગેવાનોએ ભગવાનને આ મહારાસમાં આમંત્રિત કર્યા છે. આ રાસોત્સવની તમામ કમાંડ ભગવાન દ્વારકાધીશ પોતે સંભાળે તેવી અરજ પણ કરવામાં આવી છે.

આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા આહીર સમાજના અગ્રણી કેબીનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પુનમબેન માડમ, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, ધારાસભ્ય હેમતભાઈ આહીર,જવાહરભાઈ ચાવડા, પ્રવિણભાઈ માડમ, વિક્રમભાઈ માડમ, ધારાસભ્ય ત્રીકમભાઈ છાંગા, વાસણભાઈ આહીર, ઉદ્યોગપતી બાબુભાઈ હુંબલ, પ્રદેશ ભાજપના મંત્રી રઘુભાઈ હુંબલ, મુળુભાઈ કંડોરીયા, અંબરિષભાઈ ડેર, ભરતભાઈ ડાંગર, ભીખુભાઈ વારોતરીયા, તેજાબાપા કાનગડ, કરશનભાઈ બોચીયા સહિતના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યાં છે.

# જેતપુર વકિલ મંડળની ચૂંટણીમાં યુવા એકટીવ પેનલના ઉમેદવારો જંગી બહુમતિથી ચૂંટાઈ આવ્યા






**મુખ્ય સમાચાર, હરેશ ભાલીયા**

**જેતપુરઃ** રાજકોટ જીલ્લાની મોટી ગણાતી જેતપુર કોર્ટમાં આજે વર્ષ ૨૩-૨૫ વર્ષ માટેના વકીલ મંડળની ચુંટણી યોજાય હતી જેમાં સેક્રેટરી તરીકે વિક્રમ પારધી પહેલાં જ બિનહરીફ ચૂંટાઇ આવ્યા હતા. જેથી પ્રમુખ, ઉપપ્રમુખ, જોઇન્ટ સેક્રેટરી અને ખજાનચીના પદ માટે પણ સર્વસંમતિનો પ્રયાસ હાથ ધરાયો પરંતુ તેમાં સફળતા ન મળતા ચુંટણી યોજવાનો વકીલ મંડળ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો.

જેમાં સીનીયર વકીલ જીતુભાઇ પારધીની ચૂંટણી કમિશ્નર તરીકે નિમણુંક થતાં આજે તેઓની દેખરેખ હેઠળ ચૂંટણી યોજાય હતી. વકીલ મંડળની ચૂંટણીમાં કુલ કુલ ૩૩૪ મતદારોમાંથી ૨૫૨ જેટલા જેટલા વકીલો મતદાન કર્યું હતું. સવારે દસ વાગ્યે શરૂ થયેલ મતદાન ત્રણ વાગ્યે મતદાન પૂર્ણ થયાં બાદ ચુંટણી કમીશ્નર દ્વારા ૩ વાગ્યે મતગણતરી શરૂ કરવામાં આવી હતી. જેમાં આખી એક્ટિવ યુવા પેનલ હરીફ ઉમેદવારો કરતા જંગી બહુમતીથી વિજેતા બની હતી. જેમાં પ્રમુખ મહાવીર પટેલ ઉપપ્રમુખ ઉદય બાબરીયા, જોઇન્ટ સેક્રેટરીરાહુલ વ્યાસ અને ખજાનચી મિતેષ ઠેસિયા વિજેતા થયાં હતાં.

# જેતપુરના બળદેવધાર વિસ્તારમાં છડેચોક ધમધમતો દેહ વેંપારનો ધંધો

## સભ્ય સમાજ દ્વારા અનેકવાર ફરિયાદ કરવા છતાં પોલીસ તંત્ર ચુપઃ રાજકોટ જિલ્લા પોલીસ વડાએ ખાનગી રાહે તપાસ કરવી જરૂરીઃ લોકોમાં ઉઠતી માંગ

**મુખ્ય સમાચાર, હરેશ ભાલીયા**

**જેતપુરઃ** જેતપુરના બળદેવ ધાર વિસ્તારમાં ઘણા વર્ષોથી બહારથી લલનાઓ બોલાવી અને દેહ વેપારનો ધીકતો ધંધો ધમધમી રહ્યો છે. આ બાબતે સ્થાનિક લોકો દ્વારા વારંવાર પોલીસને જાણ કરવામાં આવી છે. સભ્ય સમાજમાં મૂંગા મોએ સેંકડો ફરિયાદો ઉઠી છે છતાં પોલીસ તંત્રનો ખુલ્લા મોઢે તમામ પ્રકારનો સાથ અને સહકાર હોવાના જાગૃત લોકોના આક્ષેપો હવે રાજકોટ જિલ્લા પોલીસ વડાએ ખાનગી રીતે તપાસીને ઘટતું કરવું જોઈએ.

સૌથી દુખની વાત તો એ છે કે



અવારનવાર બળદેવ ધાર વિસ્તારના એ મોટા દેહના વેપલા પર પોલીસ ખાબકી ચુકી છે અને સમયાંતરે ફરિયાદો પણ થતી રહે છે પણ કોણ જાણે આવું દુષણ પોલીસ સહીત કોઈ હટાવી નથી શકતું તે પણ વાસ્તવિકતા હોવાનું જાગૃતો કહે છે.

જાણકારો કહે છે કે અહી ચાલતા દેહવેપારના ધંધામાં છેક અમદાવાદ, મુંબઈ અને બાંગ્લાદેશની યુવતીઓને બોલાવવામાં આવે છે. અગાઉ દરોડો પાડ્યો ત્યારે જે શખ્શનો આવું દુષણ ચલાવવામાં મુખ્ય હાથ હતો તેને યેનકેન પ્રકારે બચાવી લેતા તેમણે ફરી બેરોકટોક આવો શાંત સમાજને લાંછનરૂપ ધંધો ફરી ધમધમતો કર્યો છે.

જાણકારો તો ત્યાં સુધીના આક્ષેપો ? કરે છે કે કૂટણખાનું ચલાવતો શખ્સ રૌફ જમાવી સૌને કહેતો ફરે છે કે મારો ધધો કોઈ દિવસ બંધ થવાનો નથી, જેઓને જ્યાં જવું હોય ત્યાં જાવ !!

ત્યારે આ શખ્શની આવી દાદાગીરી પાછળ ખાખીનો પુરતો સહકાર હોવાના આક્ષેપો થયા છે કારણ કે દરોડા પછી પણ ગણતરીની કલાકોમાં જ દેહવ્યાપાર ચાલુ થઇ જાય છે. કાયદો અને વ્યવસ્થા તંત્ર સાથે સાંઠગાંઠ સિવાય આ વાત સંભવ નથી તેવો આક્ષેપ હવે તપાસવાની જરૂર છે.

જાણકારો કહે છે કે બળદેવ ધાર વિસ્તારમાં દેહવ્યાપારના ગુના સબબ જે સખ્સ પાસાની હવા ખાઈ આવ્યો છે તેમણે જેલમાંથી છૂટતા વેંત જ ફરી આ દુષણ શરુ કરી દીધું છે. મતલબ કે વાંદરા ગુલાટ ના ભૂલે અને કુતરાની પૂછડી કદી સીધી ન થાય તેવી કહાવતો સાબિત થઇ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સ્થાનિક પોલીસ ભલે દરોડા પાડવાની વાતો કરતી હોય, પણ ફરી દેહવ્યાપારના બેરોકટોક સોદા શરુ થઇ જતા હોવાની વાત પણ પોલીસે મને-કમને સ્વીકારીને હવે કોઈ ઘડારૂપ, સજારૂપ દાખલો બેસાડવાની જરૂર છે.

### દેહ વ્યાપાર કરતા શખ્સને જેતપુર હદપાર કરો

બળદેવ ધાર અને નવાગઢ વિસ્તારના જાગૃત લોકોનું કહેવું છે કે આવા દુષણથી સભ્ય સમાજની બહેન-દીકરીઓને જીવવું હરામ થઇ ગયું છે, દારૂડિયા અને ગંજેરી તત્વોની દિવસ - રાત અવરજવર ચાલુ રહે છે, અને સ્થાનિક લોકોનું રહેવા-જીવવાનું હરામ કરી દીધું છે, હવે આવા દુષણ સાથે સંકળાયલા શખ્શોને તડીપાર-જેતપુર સહિતના તાલુકા અને જીલ્લામાંથી હદપાર કરીને લત્તાવાસીઓને શાંતિ બક્ષવા જિલ્લા પોલીસ વડાએ કોઈ આકરા પગલાં ભરવા જોઈએ.

# ૨૪મી રાષ્ટ્રકથા શિબિરમાં સ્વામી ધર્મબંધુજીની પ્રાંસલાના ગ્રામજનો દ્વારા રકતતુલા કરવામાં આવીઃ અનેક મહાનુભાવોની છઠ્ઠા દિવસે હાજરી

## શાળાને હવે હવે પ્રાચીન સમયના ગુરુકુળમાં પરિવર્તિત કરવાની જરૂર છેઃ મુકેશ ખન્ના





**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંકઃ** સ્વામી ધર્મબંધુજીએ પ્રેરક સંબોધન કરતાં જણાવેલ કે, યુવા અવસ્થા એટલે માત્ર ઉંમરનો મુકામ નહી પરંતુ જે વ્યક્તિ પ્રતિદિન નિયમિત જીવનશૈલીથી આહારના નિયમોનું પાલન કરીને શારિરીક સબળતા જાળવી રાખીને, અધ્યયનશીલ રહે છે, ઉમદા ધ્યેય સાથે સંયમિત અને ચારિત્ર્યવાન જીવન જીવે છે, જીવનના પડકારોનો સામનો કરવાથી પીછેહઠ કરતાં નથી, સારી દિશામાં સાતત્યભર આગળ વધી રહ્યા છે એ સદૈવ યુવા રહે છે. યુવા રહેવા માટે પ્રતિદિન ચાર પ્રકારની શુધ્ધતા કરવી જોઇએ, પાણી દ્વારા શરીરની શુધ્ધતા, સત્ય વચન અને આચરણ દ્વારા મનની શુધ્ધતા, બુધ્ધિ દ્વારા આત્માની શુધ્ધતા અને જ્ઞાનવૃધ્ધિ દ્વારા પોતાની બુધ્ધિમત્તાની શુધ્ધતા કરવી જોઈએ. વધુમાં સ્વામી ધર્મબંધુજીએ જણાવેલ કે, પ્રત્યેક વ્યકિતએ ગૌરવશાળી જીવન જીવવા માટે પાંચ પ્રકારની શકિત શારિરીક શક્તિ, માનસિક શક્તિ, આર્થિક શક્તિ, સુરક્ષા શક્તિ અને આધ્યાત્મિક શક્તિ હાંસલ કરવી જોઈએ. સહુ પ્રથમ સ્વાસ્થય જળવાઈ રહે તેવી રીતે આહાર-વિહાર-યોગના નિયમોનું પાલન કરીને બળવાન બનવાની કોશિષ કરવી જોઈએ. આ સાથે માનસિક દ્રઢતા કેળવવી જોઈએ. જેની પાસે બુધ્ધિશક્તિ છે એને સમગ્ર દુનિયા આદરથી આવકારે છે માટે વ્યક્તિએ જ્ઞાનવાન - ચારિત્ર્યવાન બનવું જોઈએ.

ત્રીજી શક્તિ છે આર્થિક શક્તિ. આર્થિક શક્તિ વ્યક્તિથી માંડીને રાષ્ટ્ર સહુ માટે પ્રાણવાયુ સમાન છે. આર્થિકપણે સ્વાવલંબી વ્યક્તિ જ સ્વમાનભેર જીવન જીવી શકે છે. જો તમારી પાસે આર્થિક ઉણપ હોય તો એના માટે અન્યને દોષિત માનીને નિષ્ક્રીય બેસી રહ્યા વિના પોતાની ઉણપોનું વિશ્લેષણ કરીને આર્થિક ઉપાર્જન કરવાની ક્ષમતા કેળવવી જોઇએ. મફતનું મેળવનાર ક્યારેય વિકસિત નથી બની શકતા.ચતુર્થ શક્તિ છે સુરક્ષા શક્તિ. આપ ગમે તેટલા સંપતિવાન કે બુધ્ધિશાળી હોવ પરંતુ જો સ્વયંની સુરક્ષા કરી ના શકો તો ક્યારેય ભયરહિત જીવન જીવી નહીં શકો. અને અંતિમ શક્તિ છે આધ્યાત્મિક શક્તિ જે વ્યક્તિના વ્યવહારમાં, વ્યક્તિત્વમાં આધ્યાત્મિકતા જોવા મળવી જોઈએ. જે વ્યક્તિ આ પાંચ પ્રકારની શક્તિ પ્રાપ્ત કરે છે તે સામર્થ્યવાન વ્યકિત તરીકે આદરપાત્ર બને છે. આપની સામે ચાર પ્રકારના પડકારો છે બાયોલોજીકલ, સાયબર, કેમીકલ અને આયડોલોજીકલ પડકારો. આ તમામ વિશે સ્વામીજી મનનીય વાતો કરીને તેનો મુકાબલો કરવા સક્ષમ બનવા સમજાવ્યું હતું. મોબાઈલને એક શસ્ત્ર તરીકે ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો.

બોર્ડર સિક્યુરીટી ફોર્સના ડીઆઇજી કમલજીતસિંગ એ બીએસએફ વિશે ની દીર્ઘ પીપીટીના માધ્યમથી બીએસએફની સ્થાપનાથી તેના ગૌરવશાળી ઇતિહાસ, કાર્યો વિગેરે વિશે માહિતગાર કર્યા હતા. ૨૫ બટાલિયનથી શરૂ થયેલ બીએસએફ આજે ૧૯૩ બટાલિયન સાથેનું વિશ્વનું સૌથી મોટું સૈન્ય દળ છે. જેના શિરે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને મ્યાંન્માંરની ૭૨૧૯ કિલોમીટરની વિશાલ સરહદોના રક્ષણની જવાબદારી છે. માઇનસ ૪૦ ડિગ્રીથી ધોમધખતા રણના વિષમ હવામાનમાં બીએસએફ તેની ફરજ નિભાવી રહેલ છે. ઘણી સરહદોને કાંટાળા તારથી સિલ કરીને ગેરકાયદેસર ઘુસણખોરી, દાણચોરી અને ડ્રગ્સને રોકવાના પ્રયાસ કરવામાં આવે છે. હવે દુશ્મનો ડ્રોન દ્વારા ઘુસીને ડ્રગ્સ, શસ્ત્રો સપ્લાય અને જાસુસી કરવાના પ્રયાસને નિષ્ફળ કરવામાં આવી છે. 'શક્તિમાન' મુકેશ ખન્ના એ શાળાને હવે હવે પ્રાચીન સમયના ગુરુકુળમાં પરિવર્તિત કરવાની જરૂર છે કારણકે, આજકાલ શાળા-કોલેજમાં માત્ર પુસ્તકીય જ્ઞાન મેળવે છે પરંતુ જીવનના જ્ઞાનથી વંચિત રહે છે. આજની શિક્ષણ પ્રણાલીમાં શારિરીક- માનસિક વિકાસ કરવાની કોઈ જોગવાઈ નથી. માત્ર રોજગારી મેળવવી એકજ લક્ષ્યથી બાળકથી યુવાન બની જાય છે. આપ મોબાઈઅલ ગેમથી દુર રહીને ખુબ શારિરીક રમત રમીને મજબુત બનો.

વ્યસનોથી જોજનો દુર રહો. જીવનમાં નવું શીખવા માટે હરહંમેશ તૈયાર રહો. શીખવાની કોઈ ઉમર મર્યાદા નથી હોતી. આજના કોમ્પ્યુટર, મોબાઇલના યુગમાં આપની ૬૦ % શક્તિ આંખો દ્વારા વેડફાય છે. માટે સમયાંતરે આંખોને આરામ આપો, આંખોનું જતન કરો. સુર્યોદય સમયે હંમેશા પાણીનો અર્ધ્ય આપો જેનાથી આંખોની રોશની વધશે સહિત યોગ પ્રયોગ દ્વારા કાર્ય કરતી વેળા સ્ફુર્તી મેળવી શકાય વિશે નિર્દેશન આપ્યું હતું.

માત્ર ક્રિયાકાંડ કે ભજન રટણથી જ ધાર્મિક હોવાનો ડોળ ના કરો. ધર્મના આચરણથી આપની સદવ્યકિત તરીકેની સૌરભ પ્રસરે તો જ આપ સાચા ધાર્મિક બન્યા કહેવાશો. આત્માની જાગૃતિ માટે આધ્યાત્મિક બનો. ખુબ કહેવાયું છે કે, પતિવ્રતા સ્ત્રી વિશે, આવી જ રીતે પત્નીવ્રતા પુરૂષ પણ બનવા જોઇએ અને લગ્નોતર સંબંધોથી દુર રહે.

પંજાબ પોલિસના પૂર્વ એસપી સુરેશ શર્માએ આજકાલ વધતા જતાં સાયબર ક્રાઈમથી સાવધાન રહેવા માટેના વિવિધ ઉપાયો બતાવ્યા હતા. હંમેશા ફેસબુક, વ્હોટસએપ વિગેરે સોશીયલ મિડીયાને લોક રાખો. અજાણ્યા વિડીયો કોલ્સને કયારેય એટેન્ડના કરો. મણીપુરથી ૮૪ શિબીરાર્થીઓને એરોપ્લેનથી લાવનાર શિક્ષણાધીકારીએ મણીપુરને ભારતનું સ્વીઝર્લેન્ડ લેખાવતા મણીપુરના કળા-સાહિત્ય ઉપરાંત સામાજિક- ભૌગોલિક પૃષ્ઠભૂમિ નો પરિચય આપ્યો હતો. પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ કેન્દ્રિય મંત્રી ડો. વલભભાઈ કથીરિયા અને પૂર્વ ધારાસભ્ય પ્રવિણભાઈ માકડીયાના પ્રેરક સંબોધન કર્યા હતા.

# લોકસભાની ચૂંટણી પૂર્વે વહીવટી તંત્રમાં બદલીનો દોર શરૂઃ જીએએસ કેડરના ૧૧૦ અધિકારીઓની બદલી

## રાજકોટના અધિક કલેકટરપદે સી.એ. ગાંધીની નિમણૂંકઃ રૂડાના સીઈઓ તરીકે જી.વી. મિયાણી મુકાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાની ચૂંટણી પૂર્વે અને વહીવટી તંત્રમાં બદલીનો દોર શરૂ કરવામાં આવ્યો હોય તેમ ગુજરાત એડમીનીસ્ટ્રેટીવ સર્વીસ (ગેસ) કેડરના ૧૧૦ અધિકારીઓની બદલીના ઓર્ડર જારી કરવામાં આવ્યા છે. તાલીમ પૂર્ણ કરનાર ૫૦ અધિકારીઓને પોસ્ટીંગ આપવામાં આવ્યા છે. રાજકોટના ચાર સહીત સૌરાષ્ટ્રનાં બે ડઝન અધિકારીઓનો સમાવેશ થાય છે. રાજકોટમાં અધિક કલેકટર તરીકે નર્મદાનાં અધિક કલેકટર સી.એ.ગાંધીને મુકવામાં આવ્યા છે. જીલ્લા ચૂંટણી અધિકારી એસ.જે.ખાચરને આ વધારાના ચાર્જમાંથી મુકત કરવામાં આવ્યા છે.

આ સિવાય જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીનાં ડાયરેકટર તરીકે એ.કે.વસ્તાનીની નિયુકિત કરવામાં આવી છે.તેઓને અમરેલીથી રાજકોટ મુકવામાં આવ્યા છે. રાજકોટના આર.એસ.ઠુમ્મરને ભાવનગર લેન્ડ રેકોર્ડ કચેરીમાં ડેપ્યુટી ડાયરેકટર તરીકે નિયુકિત કરવામાં આપવામાં આવી છે. રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (રૂડા)માં



જી.વી.મિયાણીની નિયુકિત કરવામાં આવી છે અને એસ.જે.ઠુમ્મરને વધારાનાં ચાર્જમાંથી મુકત કરાયા છે. રાજકોટ ઝોનમાં એડીશ્નલ ઈન્સ્પેકટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન તરીકે ડી.જે.વસાવાની નિમણુંક કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રનાં અન્ય અધિકારીઓમાં બોટાદનાં અધિક કલેકટર એમ.આર.પરમારની ગાંધીનગર, મોરબીનાં એડીશ્નલ કલેકટર એમ.કે.મુછરની વડોદરા, સુરેન્દ્રનગરમાં અધિક કલેકટર એમ.પી.પટેલની ગાંધીનગર, જામનગરં ડીઆરડીએનાં ડાયરેકટર એન.એફ.ચૌધરીની જુનાગઢ, સોમનાથનાં એડીશ્નલ કલેકટર બી.વી.લીંબાસીયાની ગાંધીનગર, અમરેલીનાં એડીશ્નલ કલેકટર આર.વી.વાળાની ગાંધીનગર, જામનગરનાં નાયબ ડીડીઓ એ.એસ.મંડોલીની રાજકોટ, સ્પીપા ટ્રેનીંગ સેન્ટરમાં, જુનાગઢના નાયબ ડી.ડી.ઓ પી.એ.જાડેજાની રાજકોટ ગ્રામ વિકાસ એજન્સીમાં બદલી કરવામાં આવી છે.''

ગેસ કેડરમાં નવા ૫૦ તાલીમાર્થીઓને પોસ્ટીંગ આપવામાં આવ્યા છે,. તેમાંથી અનેકને સૌરાષ્ટ્રમાં મુકવામાં આવ્યા છે.જામનગરનાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર પદે વાય.ડી.ગોહીલ, ભાવનગરનાં અધિક કલેકટર તરીકે એન.ડી.ગોવાણી, સુરેન્દ્રનગરનાં એડીશ્નલ ડાયરેકટર તરીકે કચ્છથી આર.કે.ઓઝા, અમરેલી ગ્રામ વિકાસ એજન્સીમાં કે.જે.જાડેજા, અમરેલી અધિક કલેકટર તરીકે ડી.એમ.ગોહીલ, સુરેન્દ્રનગરમાં ઘુડખર અભ્યારણ્યમાં એડીશ્નલ ડાયરેકટરપદે કે.આર.પટેલ, ભાવનગરનાં એડી.કલેકટર તરીકે ડી.એન. સતાણીને નિયુકત કરાયા છે.

# રાજકોટ બાર એસોસીએશનની ચૂંટણીમાં ઉલટફેરઃ કમલેશ શાહને હરાવી બકુલ રાજાણી બન્યા પ્રમુખ

## સમરસ પેનલના કમલેશ શાહને હરાવી એક્ટિવ પેનલના બકુલ રાજાણીએ ૭૯ મતથી જીત મેળવી







(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરની બાર એસોસીએશનની શુક્રવારે ચૂંટણી યોજાઈ હતી. જેમાં સવારે ૯ વાગ્યાથી શરૂ થયેલ ચૂંટણી પ્રક્રિયા બાદ મોડી રાત્રે ૨ વાગ્યે મત ગણતરી પૂર્ણ થઇ હતી. રસાકસી ભર્યા માહોલ વચ્ચે ભાજપ લીગલ સેલની સમરસ પેનલના કમલેશ શાહને પરાજય અપાવી એક્ટિવલ પેનલના બકુલ રાજાણીએ ૭૯ મતથી જીત મેળવી ત્રીજી વખત પ્રમુખ બન્યા હતા. જ્યારે ઉપપ્રમુખ પદ માટે સમરસ પેનલના સુરેશ ફળદુ અને એક્ટિવ પેનલના સિધ્ધરાજસિંહ જાડેજા વચ્ચે માત્ર આંગળીના વેઢે ગણી શકાય તેટલા જ મતોનો તફાવત હોવાથી રી-કાઉન્ટિંગની માંગ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, રાજકોટ બાર એસોસીએશનની ચૂંટણીમાં પ્રમુખ ઉપપ્રમુખ સહિત ૧૬ હોદા ઉપર ૪૪ ઉમેદવારોએ ચૂંટણી મેદાનમાં ઝંપલાવ્યું હતું. તેમાં ૬૪.૪૭% મતદાન સાથે ૨,૨૯૨ વકીલોએ મતદાન કર્યું હતું.

રાજકોટ બાર એસોસિયેશનની રસાકસીભરી ચૂંટણીમાં મોડીરાત્રે ૨ વાગ્યે મત ગણતરી પૂર્ણ થતા ભાજપ લીગલ સેલ પ્રેરિત સમરસ પેનલના કમલેશ શાહને હરાવી એક્ટિવ પેનલના બકુલ રાજાણી ૭૯ મતથી જીત મેળવી ત્રીજી વખત પ્રમુખ બન્યા છે. મતદાન પૂર્ણ થયા બાદ મતગણતરી શરૂ થતાની સાથે જ પ્રથમથી જ બકુલ રાજાણી અને કમલેશ શાહ વચ્ચે રસાકસી ભર્યો માહોલ જોવા મળતો હતો. પહેલેથી જ બકુલ રાજાણી આગળ ચાલતા હતા અને અંતે ૭૯ મતથી જીત મેળવી એક્ટિવ પેનલના ઉમેદવાર બકુલ રાજાણીને પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

રાજકોટ બાર એસોસીએશનના પ્રતિષ્ઠાભર્યા ચૂંટણી જંગમાં પ્રમુખ પદ માટે ત્રણ દાવેદારો મેદાનમાં હતા. જેમાં ભાજપ લીગલ સેલ પ્રેરિત સમરસ પેનલના કમલેશ શાહ અને એક્ટિવ પેનલના બકુલ રાજાણી વચ્ચે સીધો જંગ જામ્યો હતો સાથે જ આ ચૂંટણીમાં પ્રમુખ પદ માટે સિનિયર ધારાશાસ્ત્રી હરીસિંહ વાઘેલા પણ મેદાનમાં ઉતર્યા હતા. જોકે, અંતે ૭૯ મતથી બકુલ રાજાણીનો વિજય થતા તેઓ પ્રમુખ બન્યા છે. ઉપપ્રમુખ, સેક્રેટરી અને લાયબ્રેરી સેક્રેટરીના હોદા માટે બે-બે દાવેદારો, જોઈન્ટ સેક્રેટરી માટે ત્રણ, ટ્રેઝરરમાં ચાર અને મહિલા કારોબારીમાં ત્રણ દાવેદારો તેમજ કારોબારીમાં નવ સભ્યની સંખ્યા માટે ૨૩ ઉમેદવારો મેદાને હતા. આમ કુલ ૧૬ પદ માટે ૪૩ વકીલ ઉમેદવારો વચ્ચે પ્રતિષ્ઠાભર્યો ચૂંટણી જંગ જામ્યો હતો.રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ પદ પર એક્ટિવ પેનલના બકુલ રાજાણી, ઉપપ્રમુખ પદ પર સમરસ પેનલના સુરેશ ફળદુ, સેક્રેટરીમાં સમરસ પેનલના પી.સી.વ્યાસ, જોઈન્ટ સેક્રેટરીમાં સમરસ પેનલના જયેન્દ્ર ગોંડલીયા, ટ્રેઝરરમાં સમરસ પેનલના રાજભા ઝાલા, લાઈબેરી સેક્રેટરીમાં સમરસ પેનલના મેહુલ મહેતા અને મહિલા અનામતમાં સમરસ પેનલના રેખાબેન લીંબસીયાની જીત થવા પામી છે.

આ ઉપરાંત કારોબારી સભ્યોમાં સમરસ પેનલના અજયસિંહ ચૌહાણ, રણજીત મકવાણા, ભાવેશ રંગાણી, નિકુંજ શુક્લ, અમિત વેકરીયા અને કૌશલ વ્યાસ તેમજ એક્ટિવ પેનલના હિરલબેન જોષી, અજય પીપળીયા, પિયુષ સખીયાની જીત થવા પામી છે.

## રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીમાં પ્રમુખ-ઉપપ્રમુખ અને બે કારોબારી સભ્યએ ફેર મતગણતરીની માંગ કરી

**ગઈકાલે રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણી યોજાયા બાદ મોડીરાત્રીના પરિણામ જાહેર કરવામાં આવ્યા હોય જેમાં પ્રમુખ પદે બકુલ રાજાણી ની જીત થઈ હતી ઉપપ્રમુખ પદે સિધ્ધરાજસિંહ ની સામે સુરેશભાઈ ફળદુ ની જીત થઈ હતી આ બાબતે કમલેશ શાહ દ્વારા પ્રમુખ પદ તથા ઉપપ્રમુખ પદ માટે સિધ્ધરાજસિંહ દ્વારા ફેર મત ગણતરી ની માંગણી કરી હતી જ્યારે કારોબારી સભ્યમાં સાગર હા પાણી અને યસ ચોલેરાએ ફેર મત ગણતરી ની માંગ કરી હતી**

## રાજકોટ બારની ચુંટણીમાં ભાજપ લીગલ સેલ પ્રેરીત સમરસ પેનલે ૧૬ માંથી ૧૨ બેઠકો ઉપર ભવ્ય વિજય



ભાજપ પ્રેરીત સમરસ પેનલના તમામ પદ પરના ઉમેદવારોએ રાજકોટ બાર એસોસીએશનની ચુંટણીમાં આ વખતે ખૂબ ઐતિહાસીક જીત મેળવી છે. પ્રથમવાર જ ભાજપના બેનર હેઠળ લડાયેલ આ ચુંટણીમાં સમરસ પેનલ ૧૬ માંથી ૧૨ બેઠકો ઉપર જીત મેળવી ખૂબ સુંદર દેખાવ કર્યો છે.

આ ચુંટણીમાં પ્રમુખપદનાં ઉમેદવાર કમલેશભાઈ શાહની જીતમાં માત્ર ૭૯ મત જ છેટુ રહી ગયુ હોય પણ રાજકોટનાં વકીલોનો વિશ્વાસ જીતવામાં તો અવશ્ય જીત મેળવી જ ગણાશે. માત્ર નજીવા મતથી બેઠક ગુમાવનાર કમલેશભાઈ શાહ ખેલદીલી પૂર્વક પોતાની હાર સ્વીકારી વકીલોનાં પ્રશ્ને સતત જાગૃત રહી કાર્ય કરશે તેવો નિર્ધાર વ્યકત કર્યો હતો. સાથે ૧૬ પૈકી ૧૨ બેઠકો જેમાં હોદેદારની ૬ માંથી ૫ બેઠકો મહીલા અનામત કારોબારી સભ્યની બેઠક, કારોબારી સભ્યપદની ૯ પૈકી ૬ બેઠકો ઉપર જીત મેળવી રાજકોટ બારમાં સાફ છબી ધરાવતા અને પ્રથમવાર ચુંટણી લડતા ઉમેદવારો પણ ભવ્ય વિજય મેળવી બારમાં કામ કરી શકે છે તેવો ચિલો ચાતર્યો છે. ઉપપ્રમુખ પદનાં ઉમેદવાર શ્રી સુરેશભાઈ ફળદુએ અનેક પડકારો વચ્ચે મત ગણતરીમાં ઘણાં ચડાવ ઉતાર પછી અંતે જીત મેળવી છે. સેક્રેટરી પદનાં ઉમેદવાર પી.સી. વ્યાસ કે જેઓ શરૂઆતની મત ગણતરીમાં શરૂઆતમાં પોતાના હરીફ ઉમેદવારથી પાછળ ચાલી રહયા હતા જેમને બાદમાં સારા એવા માજીર્નથી લીડ મેળવી પોતાની જીત હાંસલ કરી છે. જ્યારે શરૂઆતથી જ લીડ મેળવનાર જોઈન્ટ સેક્રેટરી પદનાં ઉમેદવાર જયેન્દ્રભાઈ ગોંડલીયાએ અંત સુધી પોતાની આ લીડ જાળવી રાખી ઉત્તરોતર લીડમાં વધારો થયો હતો. આ ઉમેદવારે તમામ ૧૬ બેઠકો પૈકી સૌથી વધુ મત મેળવીને ભવ્યાતિ ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો છે. અને સાથે એવો મેસેજ પણ વકીલ આલમમાં આપ્યો છે કે યુવા, કયારેય ચુંટણી ન લડેલા લોકો પણ રાજકોટ બારમાં જીત મેળવી શકે છે. ખજાનચી પદનાં ઉમેદવાર આર.ડી.ઝાલાએ પણ પોતાના સામે ત્રણ ત્રણ હરીફ ઉમેદવારો હોવા છતા શરૂઆતથી લઈને અંત સુધી પોતાના માજીર્ન સતત વધારીને આ સીટ વધારે હરીફો હોવા છતા ભવ્ય જીત હાંસલ કરી છે. જ્યારે લાઈબ્રેરી સેક્રેટરી પદનાં ઉમેદવાર મેહુલ મહેતાએ શરૂઆતનાં થોડા રાઉન્ડમાં પાછળ રહયા બાદ સતત પોતાની લીડનો માજીર્ન વધારી વિજય હાંસલ કર્યો છે. મહીલા અનામત કારોબારી સભ્યપદે રેખાબેન પટેલ એ પોતાના હરીફ ઉમેદવારોનાં સરવાળા કરતા પણ વધુ મતો મેળવી શાનદાર જીત મેળવેલ છે.

## મોરબીના ચિત્રકૂટ સિનેમા પાસેથી વર્લી મટકાનો જુગાર રમતો શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબીના ચિત્રકૂટ સિનેમા પાસે જાહેરમાં જુદા જુદા ગ્રાહકો સાથે સંપર્ક કરી વર્લીફીચરના નશીબ આધારિત આંકડા લખી જુગાર રમતા આરોપી સવજીભાઇ નરશીભાઇ પરમાર ઉવ.૬૪ રહે.માધાપર શેરી.નં.૫ મોરબીને પોલીસે વર્લીફીચરના આંકડા લખેલ જુગારના સાહિત્ય તથા રોકડ રૂ.૨૧૫૦/- સાથે ઝડપી લઇ મોરબી એ ડિવિઝનમાં જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખોખડદર વિસ્તારની સગીરાનું અપહરણ કરી શખ્સે દુષ્કર્મ આચર્યુ

### કેટરર્સમાં કામ કરતી સગીરાને શખ્સે લગ્નની લાલચ આપી લઈ ગયો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ વાડીમાં રહી મજૂરી કરતાં પરિવારની દિકરીને ખોખડદડ વિસ્તારના શખ્સે પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી ગત ૧૩ તારીખે તેણી કેટરર્સમાં કામે જતી હતી ત્યારે રસ્તામાંથી અપહરણ કરી ગોંડલ વાડી વિસ્તારમાં લઈ જઈ સપ્તાહ સુધી બળજબરી પુર્વક ચારથી પાંચ વખત દુષ્કર્મ આચરી ઘર પાસે મુકી ભાગી જતાં આજી ડેમ પોલીસે અપહરણ, બળાત્કાર, પોક્સો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આજીડેમ પોલીસે ભોગ બનનાર ૧૪ વર્ષની બાળાના માતાની ફરિયાદ પરથી ખોખડદળના વનરાજ મોહનભાઈ નામના શખ્સ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે તેને ચાર સંતાન છે. જેમાં સૌથી નાની દિકરીની ઉમર ૧૪ વર્ષ અને ૬ મહિનાની છે. તે આગઉ કેટરર્સમાં કામે જતી હતી. એકાદ વર્ષ પહેલા તેણીને ખોખડદળમાં વાડી વાવવા રાખનારા વનરાજ સાથે પ્રેમ થઈ જતાં અમને ખબર પડતાં અમે દિકરીને સમજાવી હતી. દરમિયાન ગત ૧૩ તારીખે સાંજે દીકરી ઘરેથી કેટરર્સમાં કામે જવાનું કહીને નીકળ્યા બાદ પરત નહીં આવતાં શોધખોળ શરૂ કરી હતી પરંતુ ક્યાંય પતો લાગ્યો ન હતો દિકરીની શોધખોળ વચ્ચે ગત ૨૦ તારીખે સાંજે દિકરી અચાનક ઘરે આવી ગઇ હતી અને કયા હતી તેવું પુછતાં તેણે એવુ જણાવ્યું હતુ કે વનરાજ સાથે પ્રેમ હોઈ તેણે મને લગ્ન કરવા છે તેમ કહી કામે જતી હતી ત્યારે મને બસમાં ગોંડલ તરફ લઈ ગયો હતો. જ્યાં વાડી વિસ્તારમાં મને રાખી લગ્નની લાલચ આપી મારી સાથે બળજબરીથી ચારથી પાંચ વખત શરીર સંબંધ બાંધી લીધો હતો ત્યાર બાદ મને અહિ ઘર પાસે મુકીને ભાગી ગયો છે. ભોગ બનનારની કબૂલાત આધારે આજીડેમ પીઆઈ એલ એલ ચાવડાએ ગુનો નોંધી દીકરીને હવસનો શીકાર બનાવનાર શખ્સને દબોચી લેવા તપાસ હાથ ધરી છે.

## મહિલા જજના ખાતામાંથી રૂા.૧૦.૫૦ લાખ ઉપાડવાનો પટ્ટાવાળાનો પ્રયાસ નિષ્ફળ

### એ.ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાતા ચેકની ચોરી કરનાર પટ્ટાવાળાની ધરપકડ કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ચીફ જ્યુડિશયલ કોર્ટમાં ફરજ બજાવતા મહિલા જજને ત્યાં કામ કરનાર કોર્ટના પટ્ટાવાળાએ તેમની જાણ બહાર તેમના બે ચેક ચોરી લઈ અલગ અલગ ખાતામાં રૂ.૧૦.૫૦ લાખ ઉપાડવાની કોશિશ કરતા ઘટનાની જાણ મહિલા જજને થઈ જતાં તેમને એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી પટ્ટાવાળાની ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના જામનગર રોડ પર જામટાવર ચોક પાસે સી.એલ.એફ ક્વાર્ટરમાં રહેતા અને મોચી બજાર કોર્ટમાં ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવનાર મહિલા જજ જ્યોત્સનાબેન વિનુભાઈ પરમાર દ્વારા એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટના પટાવાળા નરેશ તાવિયાનું નામ આપ્યું હતું જેમાં તેને જણાવ્યું હતું કે, તેમને ગત તારીખ ૨૩/ ૫/ ૨૦૨૨ ના રાજકોટ મુકામે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાર્જ સંભાળ્યો છે અને તેમને નિવાસ્થાને કામકાજ અર્થે ડિસ્ટ્રિક્ટ કોર્ટ તરફથી પટાવાળા તરીકે નરેશ તાવિયા નામનો કર્મચારી ફાળવવામાં આવ્યો હતો. જે ઘરના નાના-મોટા કામકા તેમજ બેન્કિંગને લગતા કામકાજ કરતો હતો. મહિલા જજ નરેશ તાવીયાને દર મહિને પ્રીમિયમ ભરવા માટે સેવિંગ એકાઉન્ટનો ચેક આપીને પ્રીમિયમ ભરવા માટે મોકલતા હતા. વર્ષ ૨૦૨૩ ના મે માસ દરમિયાન તેઓની એસબીઆઈની સેવિંગ એકાઉન્ટની ચેકબુક ગુમ થઈ ગઈ હતી. જેથી તેમણે હોસ્પિટલ ચોકમાં આવેલી એસબીઆઈની બ્રાન્ચે જઈ ચેકબુક ગુમ થયા અંગેની જાણ કરી આ ચેક રદ કરી નાખ્યાં હતાં.દરમિયાન ગત તા.૧૯/ ૧૨ ના તેમના મોબાઈલ પર એસબાઈ બેન્ક વિરાણી ચોક શાખાના કર્મચારીનો ફોન આવ્યો હતો અને જાણ કરી હતી કે, તમારા એકાઉન્ટના બે ચેક અમારી બ્રાન્ચમાં ભરવામાં આવ્યા છે જે બન્ને ચેક આપના તરફથી ઇસ્યુ કરવામાં આવ્યા છે કે કેમ? આ સાંભળી મહિલા જજ ચોંકી ઉઠ્યા હતા કારણ કે આવા કોઈ ચેક તેઓએ આપ્યા ન હતા. જેથી તેમણે બેંકે રૂબરૂ જઈ તપાસ કરી હતી.જેમાં માલુમ પડયું હતું કે અગાઉ ખોવાઈ ગયેલ ચેકનો કોઈએ દુરુપયોગ કરી તેમાં ખોટી અને બનાવટી સહી કરી ૩.૫,૦૦,૦૦૦ની રકમ ભરી શૈલેષ ગોવિંદભાઈ ભૂસડીયાના નામે ચેક ભર્યો હતો તેમજ અન્ય ચેકમાં રૂ ૫.૩૦ લાખની રકમ ભરી આ ચેક નિલેશ દેવશીભાઈ વલાણીના નામે ભર્યો હતો અને આ બને ચેકોમાં ફરિયાદીની ખોટી સહી કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી અહીં જમા કરાવ્યા હતા. જેથી પટાવાળા પર શંકા ગઈ હતી. અને તેની પૂછપરછ કરતા તેણે પોતાનો ગુનો કબૂલ્યો હતો જેથી આ મામલે પટ્ટાવાળા નરેશ તાવીયા સામે એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોધાવતા પોલીસે ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

## રૈયા રોડ પર રહેતી યુવતીને લગ્નની લાલચ આપી પરણીત શખ્શો ગુજાર્યો બળાત્કાર

### અવાર નવાર બસ સ્ટેશન પાછળ આવેલ પલ્સ નામની હોટલમાં લઈ જઈ બળજબરી થી શરીર સંબંધ બાંધ્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં દિન પ્રતિદિન દુષ્કર્મના બનાવો વધી રહ્યા છે ગઈકાલે આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારની સગીરાને લગ્નની લાલચ આપી શકશે અપહરણ કરી ગયા બાદ ગોંડલમાં એક સપ્તાહ સુધી દુષ્કર્મ કર્યાની ફરિયાદ નોંધાયા બાદ શહેરમાં વધુ એક યુવતી સાથે દુષ્કર્મ થયાની ફરિયાદ નોંધાય છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના રૈયા રોડ પર રહેતી એક ૨૮ વર્ષ યુવતીએ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે હેમુ ગઢવી હોલ પાછળ આવેલી સર્વોદય સોસાયટી માં પ્રેમલક્ષ્મી એપાર્ટમેન્ટ માં રહેતો રવિ કાંજાણી નામના શકશે તેની સાથે પ્રેમ સંબંધ બાંધી વિશ્વાસમાં લઈ તેની સાથે લગ્ન કરવાની લાલચ આપી તેના પતિ સાથે છૂટાછેડા કરાવડાવી બાદમાં પોતે પોતાની પત્નીને છૂટાછેડા આપી દેશે અને લગ્ન કરી લેશે તેવી લાલચ આપી સવાર નેવર બસ સ્ટેશન પાછળ આવેલ પલ્સ હોટલ માં લઈ જઈ અને એક વાર શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આ કર્યું હતું બનાવના પગલે એડમિશન પોલીસના પીઆઇ ડીએમ હરીપરા એ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

## અમરેલીના નાના ભંડારીયા ગામે બાળકીને ઝેરી જનાવર કરડતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમરેલીના નાના ભંડારીયા ગામે રહેતી ચાર વર્ષની બાળકીને ઝેરી જનાવર કરડી જતા તેને સારવાર માટે રાજકોટ ખસેડાઈ હતી. જયાં તેનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ અમરેલીના નાના ભંડારીયા ગામે રહેતી મનસ્વી રોહિતભાઈ હીરપરા (ઉ.૪) ગઈકાલે સવારે ૮ વાગ્યે તેની ઘર પાસે રમતી હતી. ત્યારે તેને કોઈ ઝેરી જનાવર કરડી જતા અમરેલી બાદ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જયારે તેની તબીયત લથડતા આઈસીયુમાં રાખવામાં આવી હતી.અને સારવાર દરમિયાન બાળકીનું મોત નીપજતા પરિવારમાં શોકનું મોજું ફળી વળ્યુ છે.

## પડધરીના ખોડાપીપર ગામે સેઢા તકરારમાં ખેડૂત પર હુમલોઃ બે સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

પડધરી તાલુકાના ખોડાપીપર ગામે રહેતા ખેડૂતને સેધા તકરાર બાબતે બે શખ્સોએ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા પડધરી પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

અંગેની માહિતી મુજબ ખોડાપીપર ગામે રહેતા કૌશિકભાઇ વલ્લભભાઈ પીપરીયા નામના પટેલ યુવાને પડધરી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે હરીપર ખારી ગામે રહેતો રમેશ વણદા કોટડીયા અને શૈલેષ અણદા કોટડીયા બંને શખ્સોએ ખેતરે આવી સેઢો વીખિ નાખી જે બાબતે સમજાવા જતા બંને સક્ષાએ ઉસકેરાઈ જાય તીખાપટુંનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા બનાવ બાદ યુવાને પડધરી પોલીસમાં ફરિયાદ નોંધાવતા એ એસ.આઇ બીબી લાવડીયા એ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

## ખાંભાના લાસા ગામે ગાંજાનું વાવેતર કરનાર શખ્સની ધરપકડ

### પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ૧૦૪ છોડવા મળીને ૪ કીલો ગાંજો કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, અમરેલી**

ખાંભા તાલુકાના લાસા ગામે પોલીસ દ્વારા વાડી વિસ્તારમાં મકાનમાં દરોડો પાડી વાવેલા ૧૦૪ ગાંજાના છોડ મળી ૪ કિલો ગાંજા સાથે પોલીસે એકની ધરપકડ કરી છે. ખાંભાના લાસા ગામ તળની બાજુમાં આવેલ વાડી ખેતર લવજીભાઈ કાનજીભાઈ કણસાગરાના મકાન પાછળના ભાગે લવજીભાઈ કાનજીભાઈ કણસાગરા ઉ.વ.૫૮એ પોતાના મકાનમાં તથા કબ્જા ભોગવટાની વાડી ખેતરમાં ગેરકાયદે. રીતે માદક પદાર્થ સુકો ભેજ યુક્ત વનસ્પતિ જન્ય ગાંજો તથા નાના-મોટા લીલા ગાંજાના છોડ નંગ-૧૦૪ આરોપીના વાડી ખેતરમાંથી નાના મોટા લીલા ગાંજા છોડ વનસ્પતી જન્ય માદક પદાર્થનો જથ્થાનું કુલ વજન-૪ કિલો ૧૮૫ ગ્રામ જે એક કીલો ગાંજાની કિમત રૂા.૧૦,૦૦૦ લેખે ૪ કિલો ૧૮૫ ગ્રામ ની. કિંમત રૂા.૪૧,૮૫૦- તથા એક કી-પેઇડ મોબાઇલમળી કુલ રૂા.૪૨.૩૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી લીધો હતો.પોલીસે આરોપી સામે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

## જેતપુરમાં બોખલા દરવાજા પાસે જુગાર રમતા બે શખ્સોની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

જેતપુરમાં આવેલા બોખલા દરવાજા વિસ્તાર માં જેતપુર સીટી પોલીસના હેડ કોન્સ્ટેબલ સીટી વસૈયા અને હેડ કોન્સ્ટેબલ જયેશભાઈ દાફડા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે હુસેની ચોક પાસે જાહેરમાં હુસેન ઉર્ફે સલીમ સોડા વાળો અને મહેન્દ્ર ઉર્ફે વાંચો આણંદ પરમાર નમના બંને શખ્સો નસીબ આધારિત જુગાર રમતા હોય પોલીસ આ બંનેને ઝડપી લઇ ₹૧૧,૬૫૦ ની રોકડ કબજે કરી ધોરણ છ ની કાર્યવાહી કરવામાં આવી છે

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT